જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

જુન - ૨૦૨૪

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| રસૂલે ખુદાને ન્યાયની તાકીદ | ૫ |
| મઆરિફુલ હદીસ | ૧૦ |
| કુરઆન, ખુદાઈ ઈલ્મનો સ્ત્રોત | ૧૪ |
| શરઈ હુકમોમાં ઈખ્તેલાફ કેમ ? | ૧૯ |
| સહનશીલતા, ધીરજ અને માફી | ૨૨ |
| મહમૂદુલ ખસાઈલ | ૨૪ |
| નરમ વાત, સદવર્તન અને સદાચાર | ૩૦ |
| મવ. અ. અલીમ ફારૂકી રહ. | ૩૨ |
| ફતાવા વિભાગ | ૩૪ |
| બોધ કથા | ૩૬ |
| Golden Advises For Satisfied Life | ૩૭ |
| છેલ્લા પાને | ૩૯ |


કુરઆન વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે તે મુત્તકી અને ખુદાની ડરનાર લોકો માટે હિદાયત છે.

એટલે કે માણસ ચાહે કાફિર હોય કે મુસલમાન હોય, એના દિલમાં હક અને સચ્ચાઈની તલાશ અને પોતાના પરવરદિગારનો ખોફ હોવો જરૂરી છે. જે માણસના દિલમાં પરવરદિગારનો ડર કે સચ્ચાઈની શોધની ફિકર ન હોય તો એને કુરઆન થકી કોઈ માર્ગદર્શન કે હિદાયત મળી શકે નહીં.


# અલ બલાગ

માસિક

માનદ તંત્રી :

મુફતી અહમદ દેવલ્વી

જૂન – ૨૦૨૪ ઈ.

ઝિલહજ – ૧૪૪૫ હિ.

વર્ષ – ૨૪, અંક – ૪

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

તંત્રી સ્થાનેથી.

ઈદુલ અદહા અને કુરબાનીના દિવસો આવી રહયા છે. આ દિવસોમાં કુરબાની કરવી અને કુરબાનીનો ગોશ્ત ખાવો જ ઈદની મુખ્ય ઉજવણી છે. આ દિવસોમાં કુરબાનીનો ગોશ્ત ખાવો પણ ઈબાદત છે. કુરઆન – હદીસ મુજબ આ અલ્લાહ તઆલાની મહેમાનીના દિવસો છે. અને અલ્લાહ તઆલાની મહેમાનીનો ઈન્કાર કરવો, અલ્લાહ તઆલાની નાફરમાની છે. એટલે જ શરીઅતનો હુકમ છે કે આ દિવસોમાં માણસ રોઝો રાખી શકે નહીં. અને કોઈ રોઝો રાખશે તો ગુનેગાર ગણાશે. કારણ રોઝો રાખીને માણસ અલ્લાહ તઆલાની મહેમાનીનો ઈન્કાર કરે છે એમ ગણાય. અલ્લાહ તઆલાની આ મહેમાની ચાર દિવસો સુધી ચાલે છે. એટલે કુલ ચાર દિવસ રોઝા રાખવા મના છે. ત્રણ દિવસ કુરબાનીના અને ચોથો દિવસ પણ એટલા માટે એમાં શામેલ છે કે ત્રણ દિવસની કુરબાનીનો ગોશ્ત ચોથા દિવસે પણ ઘરોમાં હોય જ. આ ગોશ્ત ખાવો પણ અલ્લાહનું ઈનામ અને મહેમાની છે.

ઈદના દિવસે સુન્નત આ છે કે માણસ સવારે ઉઠયા પછી કંઈ ખાય નહીં, અને ઈદની નમાઝ પછી કુરબાની કરે અને સહુ પ્રથમ કુરબાનીનો ગોશ્ત ખાય. આ સુન્નતથી પણ સ્પષ્ટ થાય છે કે કુરબાનીના ગોશ્તનું ઘણું મહત્વ છે. એની ખાસ બરકત છે.

કુરબાનીના ગોશ્તનો એક હુકમ આ પણ છે કે એને વેચવો જાઈઝ નથી. બલકે કુરબાની ઝબહ કરનાર કસાઈને મજૂરી સ્વરૂપે ગોશ્ત અથવા પાયા કે ખાલ આપવી પણ જાઈઝ નથી. આવી દરેક વસ્તુથી માણસ પોતે ફાયદો ઉઠાવે કે કોઈ બીજાને કીમત વગર આપે એ જરૂરી છે.

બેહતર આ છે કે માણસ પોતાની કુરબાનીના ગોશ્તના ત્રણ ભાગો કરે. એક ભાગ પોતાના ખાવ માટે રાખે. બીજો ભાગ દોસ્તો સગાઓને આપે. અને ત્રીજો ભાગ ગરીબોને આપે. આમ અલ્લાહની મહેમાની અને ઈનામને વધારેથી વધારે લોકો સુધી પહોંચાડવાની કોશિશ કરે.

અલ્લાહ તઆલાના આ ઈનામ અને એહસાનો તકાઝો આ છે કે દરેક

માણસ પોતાના ઘરે કુરબાની કરવાનો એહતેમામ કરે. કુરબાનીના કામમાં શરીક થવાની કોશિશ કરે. કુરબાની કરનાર માણસ પોતાની કુરબાનીનો ગોશ્ત મેળવીને ખાય એ વધારે સારું છે. ઘણા એવા લોકો જેમની પાસે સવલત અને સુવિધા હોય છતાં પોતાની કુરબાની બીજા ગામ આપી દે છે. ઘણા લોકો બકરાની કુરબાની કરવાની શકિત હોવા છતાં મોટા જાનવરમાં હિસ્સો લખાવી દે છે. જે સારી વાત ન કહેવાય.

આપણે વિચારવું જોઈએ કે પોતાના દીકરા – દીકરીની શાદીમાં તો આપણે ઘણા હોંશ અને શોખથી લોકોને ખવડાવીએ છીએ, બલકે એક સારું જાનવર શોધીને એનો ગોશ્ત ખવડાવીએ છીએ. શાદીની દાવત થકી આપણે લોકોની મહેમાની અને સન્માન કરીએ છીએ. જયારે કુરબાની તો અલ્લાહની મહેમાની છે. એને આપણે વધારે શોખ અને અકીદતથી કરવી જોઈએ અને કોશિશ કરવી જોઈએ કે આપણી કુરબાનીનો ગોશ્ત વધારેથી વધારે લોકો ખાય અને ફાયદો ઉઠાવે.

આજકાલ સમાજમાં કુરબાની બાબતે બે બુરાઈઓ પ્રવર્તે છે. અમુક લોકોને મન કુરબાનીની કોઈ કદર નથી હોતી. કોઈ કુરબાની કરતું કરાવતું નથી અને કરાવે છે તો સસ્તો સાતમો ભાગ શોધીને લખાવી દે છે. બીજા અમુક લોકો બિલકુલ વિપરીત તરીકો અપનાવીને ઘણું જ મોઘું જાનવર ખરીદે છે. મોઘું જાનવર ખરીદીને લોકો સમક્ષ પોતાનું સ્ટેટસ જાહેર કરે છે. એના થકી પોતાની માલદારી અને મોભ્ભો લોકોને બતાવે છે. આ બંનેવ રીત ખોટી છે. કુરબાની ફકત અલ્લાહ તઆલા ખાતર કરવાની હોય છે. અને અલ્લાહ તઆલા આપણી કુરબાનીને સારી નજરે જુએ એની ફિકર કરવાની હોય છે. એટલે જ કુરઆનમાં છે કે અલ્લાહ તઆલા પાસે તમારી કુરબાનીનો ગોશ્ત નથી પહોંચતો. એ તો અલ્લાહ તઆલા દુનિયામાં જ ખવડાવી દે છે. પણ અલ્લાહ તઆલા પાસે તમારા દિલનો ખોફ અને તકવા પહોંચે છે, એટલે કે અલ્લાહ તઆલા કુરબાની કરનાર માણસના દિલ અને એના તકવાને જુએ છે કે માણસના દિલમાં ખુદાનો આ હુકમ બજાવવાનો શોખ અને ખુદાની બંદગીનો એહસાસ કેટલો છે ?

# રસૂલે ખુદાને ન્યાયની તાકીદ અને જૂઠો આરોપ મુકવાનો ગુનો

–મુફ્તી ફરીદ અહમદ કાવી

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

إِنَّا أَنزَلْنَا إِلَيْكَ الْكِتَابَ بِالْحَقِّ لِتَحْكُمَ
بَيْنَ النَّاسِ بِمَا أَرَاكَ اللَّهُ ۚ وَلَا تَكُن
لِّلْخَائِنِينَ خَصِيمًا ﴿١٠٥﴾ وَاسْتَغْفِرِ اللَّهَ ۖ إِنَّ
اللَّهَ كَانَ غَفُورًا رَّحِيمًا ﴿١٠٦﴾ وَلَا تُجَادِلْ عَنِ
الَّذِينَ يَخْتَانُونَ أَنفُسَهُمْ ۚ إِنَّ اللَّهَ لَا يُحِبُّ
مَن كَانَ خَوَّانًا أَثِيمًا ﴿١٠٧﴾ يَسْتَخْفُونَ مِنَ
النَّاسِ وَلَا يَسْتَخْفُونَ مِنَ اللَّهِ وَهُوَ مَعَهُمْ
إِذْ يُبَيِّتُونَ مَا لَا يَرْضَىٰ مِنَ الْقَوْلِ ۚ وَكَانَ
اللَّهُ بِمَا يَعْمَلُونَ مُحِيطًا ﴿١٠٨﴾ هَا أَنتُمْ
هَٰؤُلَاءِ جَادَلْتُمْ عَنْهُمْ فِي الْحَيَاةِ الدُّنْيَا
فَمَن يُجَادِلُ اللَّهَ عَنْهُمْ يَوْمَ الْقِيَامَةِ أَم
مَّن يَكُونُ عَلَيْهِمْ وَكِيلًا ﴿١٠٩﴾ وَمَن
يَعْمَلْ سُوءًا أَوْ يَظْلِمْ نَفْسَهُ ثُمَّ يَسْتَغْفِرِ
اللَّهَ يَجِدِ اللَّهَ غَفُورًا رَّحِيمًا ﴿١١٠﴾ وَمَن
يَكْسِبْ إِثْمًا فَإِنَّمَا يَكْسِبُهُ عَلَىٰ نَفْسِهِ ۚ
وَكَانَ اللَّهُ عَلِيمًا حَكِيمًا ﴿١١١﴾ وَمَن يَكْسِبْ
خَطِيئَةً أَوْ إِثْمًا ثُمَّ يَرْمِ بِهِ بَرِيئًا فَقَدِ
احْتَمَلَ بُهْتَانًا وَإِثْمًا مُّبِينًا ﴿١١٢﴾

તરજમહ : બેશક, અમે તમારા ઉપર સાચો સંદેશ આપતી કિતાબ ઉતારી છે, એટલા માટે કે જેવું અલ્લાહ તઆલાએ તમને શીખવ્યું છે એ મુજબ તમે લોકો માંહે ફેસલાઓ કરો અને ખયાનત કરનાર લોકોના તરફદાર બનશો નહીં. (૧૦૫) અને અલ્લાહ પાસે મગફિરત (માફી) માંગો, બેશક, અલ્લાહ તઆલા મોટા બખ્શનાર ઘણા રહમ કરનાર (૧૦૬) અને જે લોકો પોતાને જ દગો દે છે તેઓના તરફથી તમે ઝઘડો ન કરો. બેશક, અલ્લાહ તઆલા એવા લોકોને પસંદ નથી કરતા જેઓ ખયાનત કરનાર અને ગુનેગાર હોય. (૧૦૭) તેઓ લોકોની તો શરમ ભરે છે પણ અલ્લાહની શરમ નથી રાખતા નથી, જયારે કે અલ્લાહ તો રાત્રે તેઓ અલ્લાહને પસંદ ન હોય એવી વાતો કરે છે ત્યારે પણ

એમની સાથે જ હોય છે. અને તેઓ જે કંઈ કરે એ બધા ઉપર અલ્લાહ તઆલાએ ઘેરો ઘાલી રાખ્યો છે. (૧૦૮) આ તમે જ છો ને, જે દુનિયાની જિંદગીમાં એમના તરફે ઝઘડો છો, પણ કિયામતના દિવસે તેઓના તરફથી અલ્લાહ સામે કોણ ઝઘડશે કે કોણ એમના વતી કામ કરનાર (વકીલ) હશે ?(૧૦૯) અને જે માણસ કંઇ બુરાઈ કરે અથવા (ગુનાહ કરીને) પોતાનું નુકસાન કરે, પછી અલ્લાહ તઆલા પાસે માફી ચાહે તો તે માણસ અલ્લાહને મોટો બખ્શનાર (અને) ઘણો રહમ કરનાર પામશે. (૧૧૦) અને જે માણસ કોઇ ગુનાહ કરશે છે તો તે પોતાનું નુકસાન કમાઈ રહયો છે. અને અલ્લાહ બધું જાણનાર અને ઘણી હિકમતવાળો છે. (૧૧૧) અને જે માણસ કંઈ ભૂલ કે ગુનો કરે અને પછી કોઇ નિર્દોષ ઉપર તેની તોહમત મૂકે તો એણે ભારે જૂઠ ઉપરાતં એક ખુલ્લો ગુનો પોતાના માથે લીધો. (૧૧૨)

તફસીર : આ બધી આયતો એક વિશેષ ઘટના બાબતે ઉતરી હતી. અને એમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અને તે વેળા મુસલમાનો, યહૂદીઓ વગેરેને સંબોધીને નસીહત કરવામાં આવી છે. અલબત્ત એમાં જે નસીહત છે કયામત સુધી દરેક માટે છે. અને ઘણી કિમતી વાતો અલ્લાહ તઆલાએ ફરમાવી છે.

ઘટના એમ હતી કે હઝરત રિફાઅહ રદિ. એક સાચા પાકા મુસલમાન હતા. બધા મુસલમાનોની જેમ ગરીબ હતા. એમણે ઘરમાં ઘઉંનો થોડો લોટ સાચવીને મુકયો હતો કે કોઈ મહેમાન આવે તો રોટી બનાવી શકાય. મદીનામાં ઘઉં કે ઘઉંનો લોટ મળતો ન હતો, મોંઘી વસ્તુ ગણાતી હતી અને મુસલમાનો હજુ ત્યારે ઘણા જ ગરીબ હતા. એક મોટા થેલામાં લોટ અને અમુક હથિયારો હતા, એ બધું જ ચોર લઈ ગયો. સવારે હઝરત રિફાઅહ રદિ.ને ચોરીની ખબર પડી તો અને એમણે તપાસ કરી તો લોકોએ ઉબયરીક કબીલાના એક માણસ ઉપર શંકા દર્શાવી. એનું નામ તઅમહ કે બશીર હતું. આ માણસ મુનાફિક હતો. પોતાને મુસલમાન તરીકે દર્શાવતો હતો પણ અંદરથી તે મુસલમાનો અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો દુશ્મન હતો.

હઝ. રિફાઅહ રદિ.એ એમના ભત્રીજા હઝ. કતાદહ રદિ.ને વાત કરી કે મારા ઘરે આમ ચોરી થઈ છે અને ઉબયરીક કબીલાના ફલાણા માણસનું નામ એમાં આવી રહયું છે, તમે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે જાઓ તો વાત કરજો કે એને પકડીને સજા આપે. એટલે હઝ. કતાદહ રદિ.એ મોકો જોઈને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં ચોરીને ઘટના રજૂ કરી અને જે માણસનું નામ આવી રહયું હતું એનો ઉલ્લેખ કયો.

બીજી તરફ એને ખબર પડી કે મારું નામ ચોરીમાં આવી રહયું છે તો એણે પ્રથમ તો ચોરીનો બધો સામાન એક યહૂદી માણસના ઘરે અમાનત સ્વરૂપે સાચવવા આપી દીધો. અને પછી લોકો સામે આવીને કહેવા લાગ્યો કે મેં ચોરી નથી કરી, ફલાણા યહૂદીએ ચોરી કરી છે. એના ઘરે તલાશી લ્યો તો માલ મળી આવશે. લોકોએ યહૂદીના ઘરે તપાસ કરી તો માલ ત્યાંથી મળી આવ્યો, પણ યહૂદીએ જણાવ્યું કે આ સામાન મારી પાસે ઉબયરીક કબીલાનો ફલાણો માણસ (તુઅમહ કે બશીર) મુકી ગયો હતો.

પછી ચોર અને એના કબીલાના માણસોએ મશ્વેરો કર્યો કે આપણે જ વહેલી તકે નબીએ કરીમ સલ.ની સેવામાં જઈને અરજ કરી દઈએ કે અમને ખોટા બદનામ કરવામાં આવી રહયા છે. એટલે તેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે ગયા અને અરજ કરી કે કતાદહ વગેરે ખોટી રીતે ચોરી બાબતે અમોને સંડોવીને બદનામ કરી રહયા છે. ચોરી યહૂદીએ કરી છે અને એના ઘરેથી જ સામાન મળી આવ્યો છે. અમે તો સાચા મુસલમાન છીએ. અમને બદનામ કરવામાં ન આવે.

પ્રથમ તબક્કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પણ એવું લાગ્યું કે યહૂદીએ જ ચોરી કરી છે. અને ઉબયરીક કબીલાના વાળા માણસો બેકસૂર છે. એટલે પછી જયારે હઝ. કતાદહ રદિ. ફરીવાર આપની સેવામાં ગયા તો ફરમાવ્યું કે તમે કોઈ પુરાવા વગર એક મુસલમાન ઉપર આરોપ કેમ લગાવો છો ? હઝ. કતાદહ રદિ. અને એમના કાકા જેમનો સામાન ચોરી થયો હતો એમને ઘણો અફસોસ થયો કે હવે અમે કયાં શિકાયત લઈ

જઈએ ? અલ્લાહના ભરોસે તેઓ ચુપ થઈ ગયા.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ આ કિસ્સામાં યહૂદીને કસુરવાર ગણીને એને સજા આપવાનું વિચારી રહયા હતા, કેમ કે એના ઘરેથી જ સામાન પકડાયો હતો, કે અલ્લાહ તઆલાએ વહી નાઝિલ ફરમાવી અને આવી ઘટનાઓ વિશે એક સુંદર અને સૈદ્ધાંતિક માર્ગદર્શન આપવામાં આવ્યું.

કુરઆન દ્વારા બધી હકીકત સ્પષ્ટ કરવામાં આવી તો અસલી ચોર મદીના છોડીને મક્કા ચાલ્યો ગયો અને કાફિરો સાથે ભળી ગયો. અલબત્ત ત્યાં એ વધારે જીવી શકયો નહીં. પ્રથમ કોઈ ઓરતના ઘરે રોકાયો, ઓરતને બધી હકીકત ખબર પડી તો કાઢી મુકયો. પછી કોઈના ઘરે ચોરી માટે દીવાર તોડતાં દીવાર પડી ગઈ અને એ દબાઈને મરી ગયો.

પ્રથમ આયતમાં કહેવામાં આવ્યું કે અમે સઘળું કુરઆન અને વિશેષ કરીને આ આયતો એટલા માટે ઉતારી રહયા છે કે તમે લોકોની ફરિયાદોમાં સાચો ફેસલો કરી શકો. અને કોઈ ખયાનત કરનાર, જૂઠા અને દગાબાઝના તરફદાર ન બનો. એટલે તમે જે ઉબયરીક કબીલાના માણસને સાચો સમજતા હતા એ ખોટું છે. એ મોટો જૂઠો અને દગાબાઝ છે.

પછી આયત નં ૧૦૬માં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને તાકીદ છે કે તમારાથી જે ચુક થઈ એ બાબતે અલ્લાહ પાસે ઈસ્તેગ્ફાર કરો. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ કેસમાં હજુ કોઈ ફેસલો કર્યો ન હતો. કોઈને ગુનેગાર ઠેરવ્યો ન હતો, પણ હઝ. કતાદહ રદિ.ને જે કંઈ કહયું એનાથી એમ લાગતું હતું કે આપ સલ. યહૂદીને ગુનેગાર સમજે છે અને જે અસલ ચોર છે એને નિર્દોષ ગણે છે. અલ્લાહના સૌથી મહાન પયગંબર માટે આટલી બાબત પણ અલ્લાહના દરબારમાં ભુલ ગણવામાં આવી અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આ બાબતે ઈસ્તેગ્ફારનો હુકમ કરવામાં આવ્યો.

આયત નં ૧૦૭– ૧૦૮માં કહેવામાં આવ્યું કે ઉબયરીક કબીલાના માણસો, ચોર અને એના હિમાયતીઓ વતી તમે વકાલત ન કરો. એમને

બેકસૂર ન ઠરાવો. તેઓ ચોરી કરીને પછી બીજાના માથે નાખીને મશ્વેરો કરીને હકીકતને છુપાવનાર માણસો છે. આમ કરીને તેઓ અલ્લાહ કે રસૂલને નહીં, પણ પોતાને જ ધોકો આપી રહયા છે. આવા લોકોને અલ્લાહ તઆલા પસંદ નથી ફરમાવતા. એમને લોકોની શરમ છે કે કયાંક અમે બદનામ ન થઈએ, પણ અલ્લાહની શરમ નથી કરતા, જેને બધું જ ખબર છે. રાત્રે જયારે તમે બધા આ ગુનો બીજાના માથે નાખવા અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં વહેલા પહોંચીને પોતાને બેકસૂર બતાવવા ઉપરાંત હઝ. કતાદહની શિકાયત કરવાની મસલત કરી રહયા હતા, ત્યારે પણ અલ્લાહ તઆલા તો તમારી સાથે જ હતા. તમને એ અલ્લાહની શરમ ન હતી, પણ લોકોની શરમ અને બદનામ થવાની ફિકર હતી એટલે બીજાના માથે ગુનો થોપી રહયા હતા.

આયત નં ૧૦૯, ૧૧૦, ૧૧૧ માં કબીલાના જે લોકો ચોરની હિમાયત કરતા હતા એમને સંબોધીને અલ્લાહ તઆલા ફરમાવે છે કે તમે દુનિયાની જિંદગીમાં તો ગુનેગાર તરફે એની ઝઘડો કે વકાલત કરી શકો છો, પણ કયામતના દિવસે ગુનેગારોને કોણ બચાવશે ? કોણ એમની વકાલત કરશે ? બલકે દુનિયાના આ તરફદારો પણ ત્યારે ગુનેગાર હશે ? ત્યારે અલ્લાહ તઆલા સિવાય કોઈ નહીં હોય. માણસે આવા સમયે પોતાની ભૂલ – ગુનો સ્વીકારીને અલ્લાહ તઆલા પાસે માફી માંગવાની હોય છે. માણસ ગુનો કરી બેસે, કંઈ ખોટું થઈ જાય તો એને છુપાવવાના પ્રયાસો કરવા કે કોઈ બીજા ઉપર આરોપ મુકવો કે પોતાને નિર્દોષ બતાવવાના પ્રયાસો તો અપરાધને વધારે સંગીન બનાવી દે છે. માણસથી ભૂલ થાય, ગુનો કરી બેસે છતાં માફી ન માંગે, ગુના ઉપર અડયો રહે તો એનું જ નુકસાન છે.

છેલ્લે અલ્લાહ તઆલા ફરમાવે છે કે ગુનો કરવો, પછી એને કોઈ બેકસૂર નિર્દોષના માથે નાખી દેવાની હરકત સ્વંય બોહતાન અને જૂઠો આરોપ લગાવવા સમાન છે અને આ હરકત પણ ખુલ્લો ગુનો છે.

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)
**અનુવાદ :** મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.
(બ્લેકબર્ન. યુ.કે.)

૧૮૩

## બીજા અમલોના મુકાબલામાં અલ્લાહ તઆલાના ઝિક્રની ફઝીલત

(٦) عَنْ اَبِی الدَّرْدَاءِؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَلَا اُنَبِّئُكُمْ بِخَيْرِ اَعْمَالِكُمْ وَاَزْكَاهَا عِنْدَ مَلِيْكِكُمْ وَاَرْفَعِهَا فِی دَرَجَاتِكُمْ وَخَيْرٍ لَّكُمْ مِنْ اِنْفَاقِ الذَّهَبِ وَالْوَرَقِ وَخَيْرٍ لَّكُمْ مِنْ اَنْ تَلْقُوْا عَدُوَّكُمْ فَتَضْرِبُوْا اَعْنَاقَهُمْ وَيَضْرِبُوْا اَعْنَاقَكُمْ؟ قَالُوْا بَلٰى قَالَ ذِكْرُ اللّٰهِ۔ (رواه احمد والترمذی و ابن ماجة)

હઝરત અબુ દરદાઅ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : શું તમને તે અમલ બતાવું જે તમારા સર્વે સારા અમલોમાંથી સૌથી ઉત્તમ અને તમારા માલિક સમક્ષ વધુ પવિત્ર છે. અને તમારા દરજાઓ બીજા અમલો કરતાં વધુ ઉંચા કરનાર છે અને અલ્લાહ તઆલાના રસ્તામાં સોનુ, ચાંદી ખર્ચ કરવાથી પણ વધુ તેમાં ભલાઈ છે અને જિહાદથી પણ વધારે તમારા માટે તેમાં ભલાઈ છે જેમાં તમે તમારા અને ખુદાના શત્રુઓને મોતની ઘાટ ઉતારો, અને તેઓ તમને ઝુબેહ કરે, અને શહીદ કરે ? સહાબા રદિ.એ અરજ કરી હા, યા રસૂલલ્લાહ ! એવો અમુલ્ય અમલ જરૂર બતાવો તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : તે અલ્લાહનો ઝિક્ર છે. (મસ્નદે અહમદ, તિર્મિઝી)

ખુલાસો :– આ હદીસ અસલમાં કુર્આનની આયત (વ–લ–ઝિક્રુલ્લાહિ અક્બર)ની તશરીહ અને તફસીર છે. બેશક "અલ્લાહનો ઝિક્ર" એ હિસાબે કે તે મૂળભુત આધારે મહાન હેતુ અને અલ્લાહની રજામંદી તેમ તેની

નઝદીકીનું સૌથી નજીકનું સાધન છે. અને તે બીજા બધા અમલોથી બેહતર અને ઉત્તમ છે. અને એ કોઈ ખાસ હાલતમાં અને કોઈ અચાનક હાલતમાં સદકો અને અલ્લાહના રસ્તામાં ખાસ અલ્લાહ ખાતર ખર્ચ કરવામાં અથવા જિહાદ અને અલ્લાહની રાહમાં લડવાથી વધુ મહત્વતા મેળવવામાં રૂકાવટ બની શકે નહીં. એ જ મુજબ એમ પણ બની શકે છે કે એક અમલ એક હિસાબે અફઝલ અને અગત્યનો હોય, અને બીજા હિસાબે કોઈ બીજો અમલ તેનાથી વધુ અગત્યતા ધરાવતો હોય, ઉપરોકત વર્ણવેલ હઝરત અબૂ સઈદ ખુદરી રદિ. અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.ની હદીસોનો ભાવાર્થ પણ લગભગ એ જ છે. અને તેમાં દરેક હદીસ બીજી હદીસની શર્હ અને ટેકા રૂપ બને છે.

(٧) عَنْ اَبِیْ سَعِیْدٍؓ اَنَّ رَسُوْلَ اللّٰہِﷺ سُئِلَ اَیُّ الْعِبَادِ اَفْضَلُ؟ وَاَرْفَعُ دَرَجَةً عِنْدَ اللّٰہِ یَوْمَ الْقِیٰمَةِ ؟ قَالَ الذَّاكِرُوْنَ اللّٰہَ كَثِیْرًا وَّالذَّاكِرَاتِ قِیْلَ یَارَسُوْلَ اللّٰہِ وَمِنَ الْغَازِیْ فِی سَبِیْلِ اللّٰہِ ؟ قَالَ لَوْ ضَرَبَ بِسَیْفِهٖ فِی الْكُفَّارِ وَالْمُشْرِكِیْنَ حَتّٰی یَنْكَسِرَ وَیَخْتَضِبَ دَماً فَاِنَّ الذَّاكِرَ لِلّٰہِ اَفْضَلُ مِنْهُ دَرَجَةً (احمد والترمذی)

હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)થી પુછવામાં આવ્યું કે યા રસૂલલ્લાહ ! બંદાઓમાં કોણ (એટલે શું અમલ કરનાર) સૌથી વધુ અફઝલ છે. અને કયામતમાં અલ્લાહના ત્યાં કોને વધારે મોટો દરજ્જો મળશે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું અલ્લાહ તઆલાને ત્યાં વધુ યાદ કરનાર બંદાઓ અને બંદીઓ, (એટલે અફઝલીયત અને દરજાઓનું બુલંદ હોવું કયામતમાં તેમના જ માટે છે.) અરજ કરવામાં આવ્યું યા રસૂલલ્લાહ ! શું એ લોકોનો દરજ્જો તે બંદાઓથી પણ ઉંચો છે, જેઓ (માથે કફન બાંધી) અલ્લાહ તઆલાના રસ્તામાં જિહાદ કરે છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જો કોઈ બંદાએ (એ પ્રમાણે જિહાદમાં પોતાની જાત ખપાવી કે) હકના શત્રુઓ કાફિરો અને મુશરીકોની સફોમાં જઈ તલવાર ચલાવી, એટલે સુધી કે તલવાર તૂટી ગઈ, અને તે શત્રુઓના હાથે ઘાયલ થઈ લોહીમાં તળબોળ થઈ ગયો, તો પણ અલ્લાહ

તઆલાનો ઝિક્ર કરનાર દરજ્જામાં તેનાથી અફઝલ છે.

(٨) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رضی اللہ عنہ عَنِ النَّبِيِّ صلی اللہ علیہ وسلم اَنَّهٗ كَانَ يَقُوْلُ لِكُلِّ شَیْءٍ صِقَالَةٌ وَصِقَالَةُ الْقُلُوْبِ ذِكْرُ اللّٰهِ وَمَا مِنْ شَیْءٍ اَنْجٰى مِنْ عَذَابِ اللّٰهِ مِنْ ذِكْرِ اللّٰهِ ، قَالُوْا وَلَا الْجِهَادُ فِی سَبِيْلِ اللّٰهِ قَالَ وَلَاَنْ يَّضْرِبَ بِسَيْفِهٖ حَتّٰى يَنْقَطِعَ۔

(رواه البيهقى فى الدعوات الكبير)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ફરમાવ્યા કરતા હતા કે દરેક વસ્તુની સફાઈ માટે કોઈ મસાલો હોય છે. અને દિલની સફાઈનો મસાલો અલ્લાહ તઆલાની યાદ છે. અને અલ્લાહ તઆલાના અઝાબથી બચાવનાર અને છુટકારો અપાવવામાં અલ્લાહ તઆલાનો ઝિક્ર જેટલો અસર કારક છે એટલી બીજી કોઈ વસ્તુ નથી. લોકોએ અરજ કરી યા રસૂલલ્લાહ ! શું અલ્લાહ તઆલાના રસ્તાનો જિહાદ પણ નહીં? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યો હા, તે જિહાદ પણ અલ્લાહ તઆલાના અઝાબથી બચાવવામાં અલ્લાહ તઆલાના ઝિક્ર જેટલો અસર કારક નથી, જેનો કરનાર એવી જાત તોડ મહેનતથી જિહાદ કરે કે તલવાર વાપરતાં તેની તલવાર પણ તૂટી જાય.

ખુલાસો :– ખરી હકીકત એ જ છે કે બધા નેક અમલોના મુકાબલામાં "અલ્લાહ તઆલાનો ઝિક્ર" અફઝલ અને અલ્લાહ તઆલાની નજરમાં વધુ પ્યારો છે. (ولذكر اللّٰه اكبر) બંદાને અલ્લાહ તઆલાથી જે નઝદીકી અને તેના કારણે જે સઆદત અને ઈઝઝત ઝિક્ર વખતે મળે છે. તે બીજા કોઈ અમલ વખતે મળતી નથી. પરંતુ શર્ત એ છે કે ઝિક્ર અઝમત અને મહોબ્બત તેમ અલ્લાહ તઆલાનો ભય તથા દિલી ધ્યાન સાથે હોય, અલ્લાહ તઆલાનો ઈર્શાદ : "فاذكرونى اذكركم" (તમે મને યાદ કરો હું તમને યાદ કરીશ) અને હદીસે કુદસી "انا جليس من ذكرنى" (હું મને યાદ કરનારા બંદા સાથે અને તેનો સાથી રહું છું.) (અને મારો બંદો જયારે મારો ઝિક્ર કરે છે. અને તેના હોઠ મને યાદ કરતી વખતે હલે છે તે વખતે હું તેની સાથે અને પાસે હોઉં છું. મતલબ કે કુર્આન હદીસની ખુલ્લી આયતોનો

ભાવાર્થ એ જ છે કે બધા નેક અમલોમાં અલ્લાહ તઆલાનો ઝિક્ર અફઝલ અને અલ્લાહ તઆલાના ત્યાં ઘણો જ પ્યારો અને તેની રજામંદી તેમ નઝદીકી માટે ખાસ જ વસીલો છે. હા એ ખ્યાલ રાખવો જોઈએ કે એ ઝિક્રમાં નમાઝ અને કુર્આનની તિલાવત વગેરે એવા પ્રકારની બધી ઈબાદતો પણ શામેલ છે.

***ખાસ જીભ વડે થતા ઝિક્રની ફઝિલત***

(٩) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ بُسْرٍ قَالَ جَاءَ اَعْرَابِيٌّ اِلَى النَّبِيِّ ﷺ فَقَالَ اَیُّ النَّاسِ خَيْرٌ؟ فَقَالَ طُوبٰى لِمَنْ طَالَ عُمُرُهٗ وَحَسُنَ عَمَلُهٗ قَالَ يَا رَسُوْلَ اللّٰهِ اَیُّ الاَعْمَالِ اَفْضَلُ ؟ قَالَ اَنْ تُفَارِقَ الدُّنْيَا وَلِسَانُكَ رَطْبٌ مِنْ ذِكْرِ اللّٰهِ۔ (رواه احمد والترمذی)

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર રદિ.થી રિવાયત છે કે એક ગામડીયાએ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં હાજર થઈ પુછયું કે યા રસૂલલ્લાહ ! માણસોમાં કોણ સારો છે ? (એટલે કયા પ્રકારના લોકોનું પરિણામ સારૂ આવે છે) આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું તે લોકો જેમની વય વધુ હોય અને અમલ સારા હોય, પછી તેમણે પુછયું કે યા રસૂલલ્લાહ ! અમલોમાં કયો અમલ અફઝલ છે ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : એ કે તમે દુનિયાને છોડી દો, તે વખતે તમારી જીભ અલ્લાહ તઆલાના ઝિક્રથી તાજી હોય.

ખુલાસો :– પહેલા સવાલના જવાબમાં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ જે કંઈ ફરમાવ્યું : તેનું કારણ સ્પષ્ટ છે કે સારા અમલો સાથે વય જેટલી લાંબી હશે બંદો એટલી જ પ્રગતી કરશે અને અલ્લાહ તઆલાની ખુશી અને રહમતનો એટલો જ વધારે હકદાર બનશે. બીજા સવાલના જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સૌથી સારો અમલ એ બતાવ્યો કે મૃત્યુ સુધી અને ખાસ કરી અંતીમ કાળમાં બંદો અલ્લાહ તઆલાના ઝિક્રથી જીભને તાજી રાખે એટલે તેની જીભ પર શોખ અને મજા સાથે અલ્લાહનું નામ હોય, બેશક એ અમલ અને એ હાલત ઘણી જ કિંમતી અને પ્યારી છે. અને જે બંદો તેની કિંમત જાણતો હોય, તે સર્વશ્વ

આપીને પણ તે લેવા માટે ખુશીથી તૈયાર થશે અને સ્પષ્ટ વાત છે કે તે એવા જ બંદાને નસીબ થશે જે જીવનભર અલ્લાહ તઆલાની યાદ સાથે ખાસ સંબંધ જોડી લે. અને અલ્લાહ તઆલાની યાદ તેની આત્માનો મજેદાર ખોરાક બની જાય.

(۱۰) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ بُسْرٍ اَنَّ رَجُلاً قَالَ يَارَسُوْلَ اللّٰهِ اِنَّ اَبْوَابَ الْخَيْرِ كَثِيْرَةٌ وَلَا اَسْتَطِيْعُ الْقِيَامَ بِكُلِّهَا فَاخْبِرْنِى عَنْ شَىْءٍ اَتَشَبَّثُ بِهٖ وَلَا تُكْثِرْ عَلَىَّ فَاَنْسٰى قَالَ لَا يَزَالُ لِسَانُكَ رَطْباً مِنْ ذِكْرِ اللّٰهِ۔ (رواه الترمذى)

હઝરત અબ્દુલ્લાહ બિન બુસ્ર રદિ.થી રિવાતય છે કે એક માણસે હુઝુર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સેવામાં અરજ કરી કે એય અલ્લાહના પયગમ્બર ! નેકીના દરવાજા (એટલે સવાબના કામો) ઘણા છે, અને એ મારી શકિતની બહાર છે કે તે બધાને હું કરી શકું, જેથી મને કોઈ એવું કામ બતાવી આપો, જે હું મજબુતીથી પકડી રાખું, અને તેના પર ચાલતો રહું, (અને તે જ મારા માટે બસ થઈ પડે) તે સાથે એ પણ અરજ છે કે જે કંઈ આપ બતાવો તે પણ વધારે ન હોય, કારણ કે ભય છે કે હું તેને યાદ ન રાખી શકું ? આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું (બસ એટલી પાબંદી કરો અને એટલી આદત બતાવી લો કે) તમારી જીભ અલ્લાહ તઆલાની યાદથી તાજી રહે. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :–મતલબ એ છે કે તમારી સફળતા અને કામયાબી માટે એટલું જ બસ છે કે અલ્લાહ તઆલાની યાદમાં હમેશાં મગ્ન રહો.

(۱۱) عَنْ اَبِى سَعِيْدٍ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اَكْثِرُوْا ذِكْرَ اللّٰهِ حَتّٰى يَقُوْلُوْا مَجْنُوْنٌ۔ (رواه احمد وابويعلى)

હઝરત અબુ સઈદ ખુદરી રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો ઝિક્ર એટલો કરો અને એવી રીતે કરો કે લોકો તમને ગાંડો કહે.

ખુલાસો :– દુનિયાવાળાઓ જે અલ્લાહના સંબંધથી અભાગ્ય છે, જયારે કોઈ એવા અલ્લાહ વાળાને જુએ છે જેને મજકૂર દોલત મળી છે. અને તેના કારણે દુનિયાથી બેફિકર અને અલ્લાહ તઆલાની યાદ અને તેની

ખુશી મેળવવામાં મગ્ન છે. અને તેના જ નામની રટ લગાવી રહ્યો છે. તો તેઓ પોતાના ખ્યાલ મુજબ તેને ગાંડો કહે છે, પણ વાસ્તવમાં અને ખરેખર તેઓ ગાંડા છે.

اوست دیوانه که دیوانه نه شد　　　اوست فرزانه که فرزانه نه شد

## અલ્લાહની યાદથી બેપરવાઈનું પરીણામ નિષ્ફળતા અને અભાગ્ય પણુ તેમ દિલની સખ્તી

(۱۲) عَنْ اَبِیْ هُرَیْرَةَ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَنْ قَعَدَ مَقْعَداً لَمْ یَذْکُرِ اللّٰهَ فِیْهِ کَانَتْ عَلَیْهِ مِنَ اللّٰهِ تِرَةٌ وَمَنِ اضْطَجَعَ مَضْجَعاً لَایَذْکُرُ اللّٰهَ فِیْهِ کَانَتْ عَلَیْهِ مِنَ اللّٰهِ تِرَةٌ۔　　(رواہ ابوداؤد)

હઝરત અબુ હુરૈરહ રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું : જે માણસ કોઈ જગ્યાએ બેઠો, અને તે બેઠકમાં તેણે અલ્લાહને યાદ ન કર્યો, તો તે બેઠક તેના માટે ઘણી જ નિષ્ફળ અને નુકસાન કારક નિવડશે. અને એ જ પ્રમાણે કોઈ માણસ કોઈ જગ્યાએ સુઈ ગયો, અને તેમાં તેણે અલ્લાહને યાદ ન કર્યો, તો તેનું એ સુવું તેના માટે ઘણું જ બેકાર અને નુકસાન કારક નિવડશે.

(۱۳) عَنْ اِبْنِ عُمَرَ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ لَاتُکْثِرُوْالْکَلَامَ بِغَیْرِ ذِکْرِ اللّٰهِ فَاِنَّ کَثْرَةَ الْکَلَامِ بِغَیْرِ ذِکْرِ اللّٰهِ قَسْوَةٌ لِلْقَلْبِ وَاِنَّ اَبْعَدَ النَّاسِ مِنَ اللّٰهِ الْقَلْبُ الْقَاسِیْ۔　　(رواہ الترمذی)

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર રદિ.થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલાના ઝિક્ર વગર વધુ બોલો નહીં કેમકે તેનાથી દિલની સખ્તી જન્મે છે. અને લોકોમાં તે માણસ અલ્લાહથી વધુ દૂર છે. જેના દિલમાં સખ્તી હોય. (તિર્મિઝી શરીફ)

ખુલાસો :– હદીસનો મતલબ એ છે કે જે માણસને અલ્લાહના ઝિક્ર વગર વધુ બોલવાની આદત હશે, તેના દિલમાં સખ્તી અને અંધકાર પેદા થશે. અને તે અલ્લાહની રહમત અને તેની નજદીકીથી મેહરૂમ રહેશે. (અલ્લાહ આપણને બચાવે.) આમીન.

# કુરઆન. ખુદાઈ ઇલ્મનો સ્ત્રોત

દરેક મુસલમાન આ બાબત સુપેરે જાણે સમજે છે કે અલ્લાહ તઆલાએ માણસને આ દુનિયામાં કસોટી માટે મોકલ્યો છે. અને આ જીવન દરમિયાન એના શિરે અમુક જવાબદારીઓ નાંખી છે. બીજી તરફ એની સરળતા માટેના સઘળા અસબાબ પણ ભેગા કરીને સૃષ્ટિને એની સેવામાં લગાવી દીધી છે. આસમાન અને જમીન જ નહીં, આખું સુર્યમંડળ ધરતી ઉપર રહેતા માનવીની સેવા માટે ફરી રહયું છે.

આવી સ્થિતિમાં દુનિયામાં માણસે બે જ કામ કરવાના રહે છે. પ્રથમ એ કે એની ચારે તરફ વિસ્તરેલી સૃષ્ટિની સેવાને પોતાના લાભ, સહુલત, સુવિધા અને આરામ માટે ઉપયોગ કરે. અને બીજું આ કે આ સૃષ્ટિમાં રહીને એનાથી ફાયદો ઉઠાવતી વેળા સૃષ્ટિ – કાયનાતન સર્જનહાર અલ્લાહ તઆલાના આદેશોને સામે રાખે અને એને પણ અનુસરે. કોઈ એવી હરકત ન કરે જે એના આદેશો કે આદર્શોના વિપરીત હોય.

માણસને આ બંને કામો અંજામ આપવા માટે ઈલ્મ – જ્ઞાનની જરૂરત છે. કારણ કે જયાં સુધી માણસને ખબર ન હોય કે આ કાયનાતની હકીકત શું છે ? એની કઈ વસ્તુની શું વિશેષતાઓ છે, લાભ કે નુકસાનો શું છે ? માણસ એનો ઉપયોગ નથી કરી શકતો. એવી જ રીતે બીજો હુકમ પૂરો કરવા માટે પણ એની પાસે ઈલ્મ હોવું જરૂરી છે. જયાં સુધી ખબર નહીં હોય કે અલ્લાહની મરજી શું છે ? એના હુકમો શું છે ? તે કેવા કામોને પસંદ કરે અને કયા કામોને નાપસંદ કરે છે, ત્યાં સુધી એના માટે અલ્લાહ તઆલાની મરજી ઉપર અમલ કરવો શકય નથી.

આ જ હેતુએ અલ્લાહ તઆલા માણસને પેદા કરવાની સાથે જ ત્રણ વસ્તુઓ એવી આપી દે છે કે માણસને આ બધી વાતોનું જ્ઞાન – જાણકારી મળતી રહે. આ ત્રણ વસ્તુઓ આ છે :(૧) પાંચ ઈન્દ્રિયો, કાન, આંખ, કાન, મોઢું અને હાથ–પગ વગેરે. (૨) બુદ્ધિ, સમજદારી. (૩) વહી.

એટલે કે અલ્લાહનું માર્ગદર્શન. કુળ મળીને કહી શકીએ કે આ ત્રણ વસ્તુઓ જ્ઞાન અને ઈલ્મના સ્ત્રોત છે.

ઈલ્મ – જ્ઞાનના આ ત્રણે અસબાબનો ક્રમ પણ એવો છે કે દરેકની એક હદ અને વિસ્તાર છે. એનાથી આગળ એ હદ કામ કરતી નથી. અને જયાં એકની હદ પૂરી થાય છે ત્યાંથી બીજાનું કામ શરૂ થાય છે. વસ્તુઓને માણસ જાહેરી ઈન્દ્રિયો એટલે આંખ કાન વગેરેથી જાણી સમજી શકે છે, ફકત અક્કલ બુદ્ધિથી એની જાણકારી મેળવવી શકય નથી. જેમ કે આપણી સામે કોઈ માણસ બેસ્યો હોય તો આપણી આંખ થકી આપણે જોઈ શકીએ છીએ કે મારી સામે એક માણસ બેસ્યો છે, આંખ દ્વારા જાણી શકીએ છીએ કે એનો રંગો ગોરો, કપાળ પહોળું, વાળ કાળા, હોટ પાતળા અને ખુલ્લો કિતાબ જેવો ચહેરો ધરાવે છે. એણે ખુશ્બુ લગાવી હોય તો નાકથી સુંઘી શકીએ છીએ, હાથ મેળવીને એના શરીરનો સ્પર્શ સમજી શકીએ છીએ. પરંતુ આ જ માણસ વિશે આંખ નાક વગેરે બંધ કરીને ફકત બુદ્ધિ વડે આપણે જાણવા ઈચ્છીએ કે એનો રંગ, કદ વગેરે જાણકારી આપણને મળી જાય, એની સૂરત આપણા દિમાગમાં આવી જાય તો એ શકય નથી.

એવી જ રીતે જે વસ્તુઓની જાણકારી બુદ્ધિ વડે મેળવવાની હોય છે એ જ્ઞાન – સમજ માણસ જાહેરી ઈન્દ્રિયો વડે નથી મેળવી શકતો. જેમ કે આ જ માણસ વિશે આપણને યકીન હોય છે કે એની કોઈ માં હશે, એને કોઈએ પેદા કર્યો છે, વગેરે.. આ બધું કદી પણ આપણી સામે નથી આવ્યું કે સામે નથી થયું. પણ આપણી અક્કલ અને બુદ્ધિ આપણને બતાવે છે કે આ માણસ પોતે પેદા થઈ શકતો નથી. બુદ્ધિ થકી મેળવાયેલું આ ઈલ્મ આપણે ફકત જાહેરી ઈન્દ્રિયો એટલે કે આંખ – કાન વગેરે થકી નથી મેળવી શકતા. કારણ કે એ બધા દશ્યો અને ઘટના માણસની સામે નથી હોતા.

ખુલાસો આ થયો કે જે વસ્તુના ઈલ્મ માટે જાહેરી ઈન્દ્રિયો જરૂરી છે ત્યાં અક્કલ બુદ્ધિ કશા કામની નથી અને જયાં આ જાહેરી સબબ વધારે

કંઈ બતાવી શકતા નથી ત્યાંથી આગળ અક્કલનું કામ શરૂ થાય છે.

હવે વધારે સમજવાની વાત આ છે કે અક્કલ અને બુદ્ધિની પણ એક મર્યાદા હોય છે. એની સમજ અને માર્ગદર્શન પણ અમર્યાદિત નથી હોતું. ઘણી વાતો એવી હોય છે કે એની જાણકારી ન તો જાહેરી ઈન્દ્રિયો થકી મળી શકે છે અને ન તો અક્કલ બુદ્ધિ વડે એને જાણી સમજી શકાય છે. જેમ કે આ જ માણસ વિશે આટલી વાત તો બુદ્ધિએ બતાવી દીધી કે કોઈએ એને પેદા કર્યો છે, એના માં બાપ છે. પરંતુ એ માણસ ઉપર અલ્લાહ તઆલાની શી જવાબદારીઓ છે, એનું કયું કામ અલ્લાહને પસંદ હશે અને કયું નાપસંદ ? આ બધા સવાલો એવા છે કે માણસની ઈન્દ્રિયો અને બુદ્ધિ બનંને મળીને પણ એનો જવાબ નથી આપી શકતાં. આ સવાલોના જવાબો મેળવવા માટે માણસે અલ્લાહ તઆલાએ નક્કી કરેલ જ્ઞાન – ઈલ્મના સબબ અને સ્ત્રોત એટલે વહીની મદદ લેવી જરૂરી છે.

આટલી વિગત પછી સ્પષ્ટ થાય છે કે ઈલ્મ – જ્ઞાનના ત્રણ અસબાબમાંથી વહી સૌથી છેલ્લો અને મહત્વનો સબબ છે. એનાથી મુળ વસ્તુનું જ્ઞાન મળે છે કે આખર માણસ અને આ સૃષ્ટિ શીદને બનાવવામાં આવી છે. આ પણ સરળતાથી આપણને સમજમાં આવે છે કે જાહેરી ઈન્દ્રિયો અને બુદ્ધિનું માર્ગદર્શન સિમિત અને અધુરું છે.

આ વિશે છેલ્લી મહત્વની વાત આ છે કે, બુનિયાદી રીતે વહીની જરૂરત અક્કલ અને બુદ્ધિની સીમાઓ પૂરી થયા પછી જ પડે છે. એટલે વહીની ઘણી બધી વાતો અક્કલમાં અને સમજમાં આવે એ જરૂરી નથી. જેમ કોઈ વસ્તુનો રંગ જાણવો અક્કલનું કામ નથી, બલકે આંખનું કામ છે, એમ ઘણા બધા દીની હુકમોની જાણકારી અને માર્ગદર્શન અક્કલનું કામ નથી. વહીનું કામ છે. માટે દીનના અહકામ માટે વધારે પડતો અક્કલ – હોશિયારી ઉપર ભરોસો કરવો દુરુસ્ત નથી.

*(મુફતી તકી ઉસ્માની સાહેબની કિતાબ ઉલૂમુલ કુરઆનમાંથી સાભાર)*

# શરીયતના હુકમોમાં ઇખ્તેલાફ કેમ હોય છે ?

## હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ : 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ. *મુફતી ફરીદ અહમદ કાવી.*

દીન અને શરીઅતથી નાવાકેફ લોકોના મનમાં એક સવાલ અથવા અસમંજસ થતી રહી છે કે વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર વગેરે વિદ્યાઓમાં અને એમના નિયમોમાં વિદ્વાનો વચ્ચે ઈખ્તેલાફ કે વિરોધાભાસ નથી હોતો, જેમ કે બે અને બે ચાર, હોવામાં બધા જ સહમત છે. તો પછી શરીયતના નિયમો અને મસ્અલાઓમાં ઈખ્તેલાફ કેમ ચાલતો આવે છે ? પહેલેથી લઈને આજ સુધી કોઈ એવો ઝમાનો નહીં હોય કે એમાં દીન અને ધર્મની બાબતોમાં ઈખ્તેલાફ ન થયો હોય. આ પ્રશ્ન અને અસમંજસના કારણે અમુક લોકોએ તો દીન અને ધર્મનો જ ઈન્કાર કરી દીધો. પણ આ સવાલ કરનાર લોકો જરા વિચારત તો એમને જવાબ મળી જાત, કેમ કે આ ઈખ્તેલાફ પહેલેથી જ ચાલ્યો આવે છે તો સમજી જવું જોઈએ કે એ કુદરતી અને માનવ સ્વભાવની વસ્તુ છે. આ વિરોધાભાસ જો માનવીય સ્વભાવના કારણે ન હોત તો આટલા લાંબા સમય સુધી ન ચાલત. આમ છતાં દીન અને ઈસ્લામના અનુયાયીઓમાં પણ હઝારો વિદ્વાનો, ફિલોસોફરો, દરેક ઝમાનામાં પેદા થયા છે. એટલે મુળ રીતે આવો સવાલ પણ દીન બાબતે જહાલત અને અભણતાના કારણે દિમાગમાં આવે છે.

દીન અને શરીઅતના અહકામમાં ઈખ્તેલાફની બે બુનિયાદો – કારણે છે. એક સૈદ્ધાંતિક અને બે અમલીકરણ..

સૈદ્ધાંતિક આધારનો મતલબ આ છે કે દીન અને શરીઅત અસલમાં તો સૃષ્ટિના સર્જનહાર અને માલિકના આદેશો અને આદર્શો ઉપર અમલ કરવાનું નામ છે. અને એ માલિકને અધિકાર છે કે જયારે જે પ્રમાણે યોગ્ય સમજે એમ મસ્લેહત મુજબનો હુકમ મખ્લૂક માટે જારી ફરમાવે. એમાં કોઈને કોઈ વાંધો ન હોય શકે. ગમે તેવો બેવકૂફ પણ કદી આમ નહીં કહે કે ફલાણા ચાકરને એના શેઠે કાલે આ કામ સોંપ્યું હતું અને આજે બીજું કામ કેમ સોંપ્યું ? પોતાની

પ્રજા માટે જે યોગ્ય હોય એ મુજબ કાનૂન બનાવવો અથવા સમયાંતરે એમાં ફેરફાર કરવો હાકેમ અને અધિકારીઓ અધિકાર છે. અલ્લાહ તઆલાએ પણ વિવિધ ઉમ્મતો માટે એમના ઝમાનામાં બુનિયાદી વાતોને એક સમાન રાખીને બીજી અમુક બાબતોમાં અલગ અલગ હુકમ આપ્યા હતા. આ બધા હુકમો જે તે સમયે તે ઉમ્મત માટે યોગ્ય અને જરૂરી હતા. આમ આવા હુકમોના કારણે વિવિધ ધર્મોમાં વિરોધાભાસ જોવા મળે એ સ્વભાવિક છે.

કિબ્લાના હુકમ બાબતે કુર્આનમાં છે :

سَيَقولُ السُّفَهاءُ مِنَ الناسِ مَا وَلّٰهُم عنْ قِبْلَتِهِمُ الَّتِى كانوا عَلَيْها قُل لِلّٰه المَشْرِقُ وَالمَغْرِبُ

તરજમહ : હવે આ બેવકૂફો જરૂર કહેશે કે આ મુસલમાનોને જે કિબ્લા ઉપર કાયમ હતા, એનાથી કોણે ફેરવી દીધા ? તમે કહી દયો કે પૂર્વ – પશ્ચિમ બધું અલ્લાહ તઆલા માટે છે. એટલે કે અલ્લાહ તઆલા માલિક છે, જે દિશાને ચાહે કિબ્લો નક્કી કરે. કોઈને આ બાબતે પૂછવાનો અધિકાર નથી. મુળ વાત આ છે કે અલ્લાહ તઆલાના ઘણા હુકમો જરૂરત અને મસ્લેહત મુજબ હોય છે. અને જયાં સુધી એ હુકમ બાકી હોય ઉમ્મત માટે એના ઉપર અમલ કરવો જરૂરી છે. પછી જયારે બીજો હુકમ આવી જાય તો એને માનવો અને અનુસરવો જરૂરી થઈ જાય છે. માટે આમ વિચારવું કે દરેક માટે એક સમાન હુકમ હોય એ જરૂરી નથી. કુરઆનમાં અલ્લાહ તઆલા ફરમાવે છે :

لكلٍّ جَعَلنا منكُم شِرْعَةً وَّ مِنهَاجا وَ لَوْ شَاءِ اللّٰهُ لَجَعَلَكُمْ أُمَّةً وَّاحِدَةً وَلكِنْ لِيَبْلُوَكُمْ فِيمَا آتاكُمْ

તમારામાંથી દરેક ઉમ્મત માટે અમે વિશેષ શરીઅત અને વિશેષ તરીકત નક્કી કરી છે. અને જો અલ્લાહ તઆલા ચાહત તો બધાને એક જ શરીઅત આપીને એક ઉમ્મત બનાવી દેત. (આમ ન કરીને દરેકને અલગ શરીઅત એટલા માટે આપી) એટલા માટે કે જે તે સમયે જે કોમને જે શરીઅત આપવામાં આવે એમાં તમારી કસોટી કરે.

ઈખ્તેલાફનું બીજું કારણ આ છે કે શરીઅતના નાના મોટા હુકમો પુસ્તક કે કાયદા – કલમોના સ્વરૂપે નથી દર્શાવવામાં આવ્યા. બલકે નબીઓ દ્વારા અમલી સ્વરૂપે સમયાનુસાર સામે આવ્યા છે. શાહ વલીયુલ્લાહ રહ.એ એમની કિતાબ 'અલઈન્સાફ'માં આ બાબતે વિસ્તારથી ચર્ચા કરી છે. અને કંઈક વિગત હું 'ઈખ્તેલાફે અઈમ્મહ'માં લખી ચુકયો છું. આમ નબીના

જીવનમાં જે ઘટનાઓ ઘટી એના થકી પણ શરીઅતના હુકમો નક્કી કરવામાં આવ્યા છે. બીજી જ્ઞાન, સમજ અને બુદ્ધિમાં માણસોમાં તફાવત હોય છે. બધાની સમજ એક સમાન નથી હોતી. આમ શરીઅતના હુકમો નક્કી કરવા અને સમજવામાં દરેકની સમજ પ્રમાણે ફરક હોય એ સ્વભાવિક છે. અને શરીઅત દ્વારા પણ જયારે શરીઅતના હુકમો માટે આવા ઈજતેહાદની ઈજાઝત આપી છે, અને નિયમાનુસાર ઈખ્તેલાફને જાઈઝ કહયો છે, બલકે રહમત કરાર દીધો છે તો પછી કોઈ સવાલ કે અસમંજસને સ્થાન ન હોવું જોઈએ.

આપણે બધા દિવસ – રાતમાં અનેકવાર બાળકોને કહીએ છીએ કે તું બાળક છે, તને હજુ આ વાત સમજમાં નહીં આવે.. મોટા થશો તો સમજમાં આવશે. પણ આપણે બધા પોતાને એવા બુદ્ધિમાન અને પૂર્ણ સમજીએ છીએ કે કુરઆનની આયતો થકી એવા મતલબ સમજવાની કોશિક કરીએ છીએ કે એ મતલબ સુધી (નઉઝુબિલ્લાહ) અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પણ પહોચી શકયા નહીં. સહાબા અને તાબેઈનને તો એ વાત કયાંથી સમજમાં આવે ? જયારે આપણે ન તો ઈમાનમાં સહાબાની બરાબરી કરી શકીએ છીએ છે, ન આમાલમાં, ન કુરઆન શરીફ સમજવામાં અને મઅરિફતના નૂર સમજવામાં.. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ તો બધા નબીઓના સરદાર હતા, એમની તો વાત ન કરી શકાય !

અલ્લામહ ઈબ્ને જવઝી રહ.એ તિલબીસે ઈબલીસમાં વિગતવાર એ સૂરતો લખી છે કે જેના થકી શયતાન ઉમ્મતના દીન ઉપર હુમલો કરે છે. એમાં એક સૂરત આ લખી છે કે શયતાનનો હુમલો ઘણી વાર અક્કલ અને દિમાગ તરફથી હોય છે. એમાં એમણે સમજાવ્યું છે કે માણસ આંશિક રીતે અલ્લાહ તઆલાના ઈલ્મ સુધી પહોંચી શકે છે, એટલે કે અલ્લાહ તઆલા શું ચાહે છે, શું કરવા ઈચ્છે છે, વગેરે. પણ એના માટે માણસે અલ્લાહ તઆલાએ ઉતારેલ શરીઅતને અનુસરવી જરૂરી છે. એના વગર માણસ ગુમરાહીના ખાડામાં જઈ પડશે. મોટા વિદ્વાનો અને ફિલોસોફરો આ ખાડામાં પડીને ગુમરાહ થઈ ગયા. ઘણી જ ઉપયોગી વાત એમણે લખી છે, જેની ઈચ્છા હોય એ મુળ કિતાબમાં વાંચી શકે છે.

---

# સહનશીલતા, ધીરજ અને માફી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ઉચ્ચતમ ખૂબીઓ અને સંસ્કારમાં 'સહનશીલતા' અને ધૈર્ય વિશેષ ઉલ્લેખ કરવાને લાયક છે. સહનશીલતા અથવા ધીરજનો મતલબ અહિંયા આ છે કે વિરોધ, તકલીફ, સતામણી, અત્યાચાર.. બધું જ સહન કરીને શત્રુને માફ કરી દેવો. વિશ્વની કોઈ પણ મહાન હસ્તીના જીવનમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જેવી ધીરજ અને માફીનું ઉદાહરણ નથી મળતું. મક્કાના તેર વરસના જીવનમાં તો આપ રહ. સઘળી તકલીફો સહન કરતા રહયા, પણ આ સમયકાળ વિશે કોઈ કહી શકે છે કે ત્યારે આપ એકલા કે અસહાય હતા. સત્તા અને શકિત ન હતી, એટલે માફ કરવા સિવાય કોઈ છુટકો ન હતો. પણ મદીના જીવનકાળ દરિમયાન આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે પૂરતી સત્તા હતી, અને પછી મક્કા ફતેહ થયું ૨૦ વરસ સુધી ચાલતી આવતી દુશ્મની અને અદાવતના સુત્રધારો ઉપર પુરતો કાબૂ મળ્યો હતો. મક્કામાં વિજેતા બનીને આવ્યા ત્યારે મક્કાની ગલીઓ અને મહોલ્લા જોઈને બધું યાદ આવી ગયું હશે કે કયાં કયાં કેવી રીતે સતામણી કરવામાં આવી હતી ? વતનની ગલીઓ માણસને મુહબ્બતની યાદ અપાવે છે, પણ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને દુખો અને તકલીફોની યાદ અપાવી હશે.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાથે ૧૦ હઝારથી વધારે સહાબા હતા. એમાં પણ સેંકડો જૂના મક્કાવાસીઓ હતા, અને મક્કામાં અત્યાચાર – સતામણીનો ભોગ બન્યા હતા. બધા જ મક્કા પહોંચ્યા. શહેર વચ્ચે આવેલા કાબા શરીફમાં ગયા. નમાઝ પઢી. ખુદાના ઘરને માણસોએ બનાવેલ મૂર્તિઓથી પાક – સાફ કર્યું. અલ્લાહુ અકબરનો સાદ બુલંદ કરવામાં આવ્યો. અને પછી બધાને ભેગા કરીને પૂછયું :

આજે તમે મારાથી તમારા પ્રત્યે કેવા વર્તનની આશા રાખો છો ?

લોકોએ જવાબ આપ્યો કે, એક સજ્જન અને ખાનદાની માણસ, જે સજ્જન અને ખાનદાની બાપનો દીકરો હોય, એનાથી જે આશા હોય શકે એ જ અમારી તમારા પત્યેના વિચારો છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે લોકોની આશા પ્રમાણે

જવાબ આપતાં જાહેર માફીનું એલાન કર્યું અને ફરમાવ્યું : આજે તમે બધા આઝાદ છો, તમારાથી કોઈ બદલો – વેર વાળવામાં નહીં આવે.

એક તરફ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પાસે સઘળી સત્તા, બીજી તરફ ખુંખાર પ્રાણના શત્રુઓ... શત્રુઓને પણ યકીન હતું કે આજે જો હાથમાં આવી ગયા તો માફી નહીં મળે. સહુથી મોટા શત્રુ અબુજહલના દીકરા ઈકરિમહ મક્કા છોડીને જિદ્દા ભાગી ગયા હતા. એમની પત્નિ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં આવીને અરજ કરે છે કે ઈકરિમહને માફી મળશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : હા. એમને પણ માફી અને સલામતીનું વચન છે. પત્નિએ પૂછયું કે એ તો અબૂજહલનો દીકરો છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જણાવ્યું : હા, હું ઓળખું છું. એમના માટે પણ બધું માફ છે. પત્નિએ અરજ કરી કે હું એમને શોધી લાવું તો ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જણાવ્યું : શોધી લાવો. એમની પત્નિ એમને શોધતાં જિદ્દા પહોંચી ઈકરિમહ મક્કાથી ફરાર થઈ ગયા હતા અને કોઈ બીજા પ્રદેશમાં રક્ષણ લેવાના ઈરાદે જિદ્દા બંદરેથી ઉપડી રહેલા નાવમાં સવાર પણ થઈ ગયા હતા. પત્નિ એમને ત્યાંથી મક્કા લઈ આવી. તેઓ સન્માન જનક રીતે સહી સલામત મક્કામાં આવ્યા. મુસલમાન થઈ ગયા અને પછી ઈસ્લામની મોટી સેવાઓ અંજામ આપી.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના કાકા હઝરત હમ્ઝહને શહીદ કરનાર વહશી નામી ગુલામ હાજર થયો. હઝરત હમ્ઝહ રદિ.ને શહીદ કરવા ઉપરાંત એમની લાશ સાથે પણ અપમાનજનક વર્તન કર્યું હતું. નાક, કાન, જીભ કાપી લીધી હતી. છાતી ચીરીને કલેજું કાઢી લીધું હતું. હત્યારા વહશીએ આવીને માફીની અરજ કરી તો માફી આપી દેવામાં આવી. એને વિશ્વાસ ન થયો તો કહયું કે હું વહશી બિન હર્બ છું. હઝ. હમ્ઝહ રદિ.નો હત્યારો. શું હું મુસલમાન થઈ જાઉં તો મને મુસલમાન તરીકે સ્વીકારવામાં આવશે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જણાવ્યું : હા, કેમ નહીં ? એણે પૂછયું કે મેં હમ્ઝહને કતલ કર્યા છે, એ માફ થઈ જશે ? જવાબ આપ્યો કે, ઈસ્લામ અપનાવવાથી પહેલાંના બધા ગુનાહો માફ થઈ જાય છે. વહશી મુસલમાન થઈ ગયા. એમને માફી આપવામાં આવી અને અન્ય મુસલમાનો સમાન સ્થાન આપવામાં આવ્યું. ● ●..● ●

# મહમૂદુલ ખસાઇલ

જનાબ અહમદહુસેન ગાજી સા.

હદીસ નંબર : ૭ – સુફીયાન બિન વકીઅ (રહ.) એ અમારી સામે હદીસ બયાન કરી. તેમણે ફરમાવ્યું કે જુમય્ બિન ઉમૈર બિન અબ્દુર્રહમાન ઈજલી (રહ.) એ આ રીતે હદીસ બયાન કરી કે અમને પોતાની કિતાબથી લખાવી રહયા હતા, તેઓ કહે છે કે મને બની તમીમના એક વ્યકિતએ જે અબૂ હાલા હઝરત ખદીજા (રદિ.) ના ભૂતપૂર્વ પતિની અવલાદમાંથી હતા. તેમની ઓળખ અબૂ અબ્દુલ્લાહ હતી, ખબર આપી કે તેમણે અબૂ હાલાના એક પુત્રથી રિવાયત કરી, તેમણે હઝરત હસન બિન અલી (રદિ.) થી રિવાયત કરી, હઝરત હસન (રદિ.) ફરમાવે છે કે મેં મારા મામુ હઝરત હિંદ બિન અબૂ હાલા –જે આપ (સલ.) નો હુલ્યો મુબારક ખૂબ જ વિસ્તૃત પ્રમાણમાં અને વધુ બયાન કરતા હતા– થી આપ (સલ.) ના હુલ્યા મુબારક વિશે પૂછયું. મને શોખ હતો કે એ ખૂબીઓમાંથી કંઈક મારી સામે બયાન કરે જેથી હું તેને સુરક્ષિત કરી લઉં.

તેથી (મામુએ) ફરમાવ્યું : હઝરત નબીએ અકરમ (સલ.) ખરેખર (પોતાની જાતો સિફાતમાં) મહાન હતા અને લોકોની નજરોમાં પણ મહાન હતા, આપનો ચહેરો મુબારક ચૌદમી રાતના ચાંદની જેમ ચમકતો હતો, લંબાઈ સાથે પરંતુ લાંબા કદવાળા માણસથી નીચા હતા. (મધ્યમ કદવાળા) મુબારક માથું સહેજ મોટું હતું. (બહુ મોટું નહીં કે જેનાથી શકલ–સુરત ખરાબ થઈ જાય) માથાના વાળ સીધા સહેજ વાંકડિયા હતા, જો માથાના વાળ ઓળતી વખતે (આપમેળે) માંગ– સેંથો થઈ જતો તો રહેવા દેતા, નહીં તો આપ (માંગ–સેંથો) બનાવતા ન હતા, જે જમાનામાં આપ (સલ.) વાળ રાખી મુકતા તો કાનોની ટીશીથી વધી જતા હતા. આપનો રંગ ઘણો જ ચમકદાર હતો, કપાળ પહોળી, આંખની ભ્રંવો બારીક વળાંક વળેલી હતી. અને એક બીજા સાથે મળેલી ન હતી. એ બંનેની વચ્ચે એક નસ હતી જે ગુસ્સા વખતે ઉપસી આવતી હતી. આપ ઊંચી નાકના હતા. તેના ઉપર નૂર અને ચમક હતી, શરૂમાં જોનારો આપ (સલ.) ને લાંબી નાક વાળો સમજતો હતો પરંતુ ઝીણવટથી જોનારને માલુમ થતું કે નૂર અને ચમકને લીધે લાંબી નાક લાગે છે આપ (સલ.) ની દાઢી ભરાવદાર વાળવાળી હતી, મુલાયમ ચહેરો, મુખ (સમતુલિત) મોટું હતું, દાંત નાના ચમકદાર હતા અને તેમાં (થોડી થોડી) જગ્યા

હતી. છાતીથી દુંટી સુધી બારીક વાળોની એક લાઈન હતી, આપ (સલ.) ની ગરદન ઘણી જ ખુબસુરત પાતળી (મૂર્તિની ગરદન જેવી) અને ચાંદી જેવી સાફ હતી, આપ (સલ.) નું શરીર સુડોળ, સમતોલ, ગોશ્તથી ભરેલું અને બદન કસાયેલું, પેટ અને છાતી બરાબર હતી, પહોળી છાતીવાળા, બંને ખભા વચ્ચે સહેજ (અન્યોથી વધુ) અંતર મજબૂત સાંધાવાળા હતા, જે અવયવો ખુલ્લા રહેતા તે પણ ખૂબ જ ચમકદાર હતા, છાતી અને પેટની વચ્ચે એક લાઈન વાળોની હતી જે બારીક રેખાની જેમ હતી, આ લાઈન સિવાય બંને છાતી અને પેટ વાળોથી ખાલી હતું પરંતુ બાજુ, બંને ખભા અને છાતીના ઉપરના ભાગમાં વાળ હતા, કાંડાઓ લાંબા, હથેળીઓ પહોળી, તેમજ હથેળીઓ અને કદમ ગોશ્તથી ભરપુર હતા, હાથ–પગની આંગળીઓ (પ્રમાણસર) લાંબી હતી, આપના પગના તળિયા (થોડાક) ઊંડા હતા, કદમ મુબારક એટલા સમતોલ અને સાફ હતા કે પાણી તેની ઉપરથી સરકી જતું હતું. (રોકાતું ન હતું) જયારે આપ (સલ.) ચાલતા તો કુવ્વત સાથે કદમ ઉઠાવતા અને આગળ ઝૂકીને નમ્રતા સાથે ચાલતા. (કદમ જમીન પર ધીમેથી મુકતા) આપ (સલ.) ઝડપી ગતિના હતા, જયારે ચાલતા તો એવું લાગતું કે (કોઈ ઊંચાઈએથી) નીચાણમાં ઉતરી રહયા હોય, જયારે આપ (કોઈની તરફ) ધ્યાન આપતા તો સંપૂર્ણ ધ્યાન આપતા. આપ (સલ.) ની નજર નીચી રહેતી, આકાશને બદલે આપની નજર જમીન તરફ વધુ રહેતી, સામાન્ય રીતે આપની આદત નીચી આંખે જોવાની હતી, ચાલતી વખતે સહાબાને આગળ કરતા અને પોતે પાછળ રહેતા જેનાથી મળતા પોતે સલામની શરૂઆત કરતા.

ફાયદો : હિંદ બિન અબી હાલહ : હુઝૂર (સલ.) ના નિકાહમાં આવવાથી પહેલા ઉમ્મુલ મુઅમિનીન હઝરત ખદીજા (રદિ.) ના બે નિકાહ થઈ ચુકયા હતા. પહેલા નિકાહ અતીક બિન આબિદ મખ્ઝૂમી સાથે થયા હતા, તેમનાથી હિંદ નામની એક છોકરી પેદા થઈ હતી, ઈસ્લામનો જમાનો પ્રાપ્ત કર્યો અને જાતે તેમણે ઈસ્લામ પણ કબૂલ કર્યો હતો, તેમના મૃત્યુ પછી બીજા નિકાહ અબૂ હાલહ બિન ઝુરારહ તમીમી સાથે થયા હતા, તેમનાથી બે બાળકો પેદા થયા હતા ; હિંદ અને હાલહ. કેટલાક લોકો કહે છે કે બંને છોકરા હતા અને કેટલાક કહે છે કે હિંદ છોકરો હતો અને હાલહ છોકરી હતી. તેમણે ઈસ્લામનો જમાનો પ્રાપ્ત કર્યો. એ હઝરત ખદીજા (રદિ.) ના પેટથી જન્મ્યા હતા, એટલે હઝરત હસનની વાલિદા હઝરત ફાતિમાના માતા શરીક ભાઈ થયા. એટલે ફરમાવી રહયા છે કે મેં મારા

મામુ હિંદ બિન અબી હાલહથી પૂછયું : وكـان وصــافـا તેમને આપ (સલ.) નો હુલ્યો મુબારક સારી રીતે યાદ હતો, જયારે પણ પૂછવામાં આવતું તો વિસ્તારથી બયાન કરતા હતા, એ તેમની ખૂબી હતી.

## *હુઝૂર (સલ.) નો હુલ્યો જાણવામાં નિય્યત શું હોવી જોઈએ ?*

اتعلق به હઝરત હસન (રદિ.) એ હઝરત નબીએ કરીમ (સલ.) ને જોયા છે. આપ (સલ.) નો જમાનો જોયો છે, હુઝૂર (સલ.) ની મુહબ્બત અને શફકતો પણ પ્રાપ્ત કરી છે, પરંતુ બાળપણ હતું અને બાળપણની બધી વસ્તુઓ યાદ રહેતી નથી, હવે મોટા થઈને બાદમાં એહસાસ થયો કે હુઝૂર (સલ.) ના હુલ્યા મુબારક વિશે જાણકારી મેળવું જેથી તે ગુણો મગજમાં બેસાડીને પોતાની અંદર પેદા કરવાની કોશિશ કરું, હુલ્યો ફિતરી ચીજ છે પરંતુ કેટલાક ગુણો એવા છે જે વ્યકિત જાતે મહેનત કરીને પ્રાપ્ત કરી શકે છે, જેમકે ચાલવાનો અંદાજ, બોલવાનો અંદાજ વગેરે. આપણે પણ હઝરત નબીએ કરીમ (સલ.) ના હુલ્યા શરીફના આ બયાનને એ નિય્યતથી સાંભળવું અને વાંચવું જોઈએ કે તેમાંથી જે વસ્તુઓ કોશિશ કરીને પ્રાપ્ત કરી શકીએ છીએ તે મહેનત કરીને પ્રાપ્ત કરીશું. ઈન્શાઅલ્લાહ.

## *અઝીમુશ્શાન ઝાત*

فَخْما مُفَخَّمًا : فَخم અઝીમુશ્શાન વ્યકિતને કહે છે અને مفخم નો અર્થ પણ અઝીમુશ્શાન થાય છે. પરંતુ فـــــخـــــم તેને કહે છે જે પોતાની ઝાતમાં મોટા મરતબાવાળો હોય અને مـفـخـم તેને કહે છે જે લોકોની નજરમાં પણ મહાન હોય, ઘણી વખતે એવું હોય છે કે એક વ્યકિત પોતાની ઝાત પ્રમાણે મહાન છે પરંતુ લોકોની નજરમાં તેને તે સ્થાન પ્રાપ્ત નથી, કેટલીક વખતે તેની વિરુદ્ધ હોય છે, લોકો તેને મહાન સમજે છે પરંતુ હકીકતમાં તે મહાન હોતો નથી. હઝરત નબીએ કરીમ (સલ.) પોતાની ઝાત પ્રમાણે પણ મહાન હતા અને બીજાની નજરોમાં પણ મહાન હતા, જે પણ આપને જોતું, આપની મહાનતા તેના દિલમાં ઉતરી જતી હતી.

## *હુઝૂર (સલ.) નું મુબારક માથું*

عظيم الهامة માથું મુબારક મોટું હોવું વધુ અકલ હોવાની નિશાની સમજવામાં આવે છે.

## *હુઝૂર (સલ.) ના વાળોની માંગ-સેંથો*

ان انـفـرقـت عـقـيـقتـه الخ એટલે જો માથાના વાળ ઓળતી વખતે આપમેળે

માંગ–સેંથો થઈ જતો તો રહેવા દેતા હતા અને માંગ–સેંથો ન નીકળે તો બનાવતા ન હતા, પોતાની હાલત પર છોડી દેતા હતા, માંગ–સેંથાનું વર્ણન આગળ વાળોના બયાનમાં આવી રહયું છે.

## હુઝૂર (સલ.) ની ખૂબસુરત ભવોં

ازجُّ الحواجب હઝરત નબીએ કરીમ (સલ.) ની ભવોં બારીક અને વળાંક વળેલી હતી, તેમજ બંને ભવો વચ્ચે જગ્યા હતી, વચમાં જગ્યા ખાલી હતી, એ ખાલી જગ્યામાં એક નસ હતી, જયારે આપને કોઈ વાત પર ગુસ્સો આવતો તો તે નસ ઉપસી આવતી હતી.

## હુઝૂર (સલ.) ની નુરાની નાક

اقنى العرنين આપની નાક મુબારક લાંબી જેવી હતી, લાંબી ન હતી, તેની ઉપર એક નૂર રહેતું હતું. આપને ધ્યાન વગર જોનારો આપને લાંબી નાકવાળા સમજતો હતો, હાલાંકે નાક ઊંચી ન હતી, માપસરની હતી, પરંતુ નુરની ચમકને લીધે સરસરી જોનારાને લાંબી લાગતી હતી.

## હુઝૂર (સલ.) ની દાઢી મુબારક

كث اللحية આપની દાઢી મુબારક ભરાવદાર હતી, અંદરની ચામડી નજર ન આવતી હતી અને આખા ચહેરાના ચોળાકારે હતી.

## હુઝૂર (સલ.)ના ગાલ મુબારક

سهل الخدين આપ (સલ.) ના ગાલ મુબારક નરમ હતા, ગોશ્તને લીધે ઉભરેલા અથવા લટકેલા ન હતા. ગાલ મુલાયમ હોવા સૌંદર્યની નિશાની સમજવામાં આવે છે.

## હુઝૂર (સલ.) નું મુબારક મોઢું

ضليع الفم હઝરત નબીએ કરીમ (સલ.) નું મુબારક મોઢું મોટું હતું, અરબોમાં મોટું મોઢું ખુબસુરતીની નિશાની સમજવામાં આવે છે અને કેટલાક એવું ફરમાવે છે કે મોટા મોઢાથી બોલવાની છટા મુરાદ છે એટલે આપ છટાદાર હતા.

## હુઝૂર (સલ.)ના દાંત મુબારક

مفلج الاسنان આગળના દાંતોની વચ્ચે દોરા જેટલી થોડી જગ્યાને فلج કહે છે. તેને ઉર્દૂમાં "રીખ" કહે છે. નાના બાળકોના જયારે દાંત નીકળે છે તો આગળના બે દાંતો વચ્ચે થોડી જગ્યા હોય છે. જેમ જેમ તે મોટો થાય છે દાંત ભેગા થતા જાય

છે. કેટલાક લોકો ખાસ કરીને ઓરતો દાંત ઘસાવીને થોડી જગ્યા બનાવીને ઉમર ઓછી દેખાડવાની કોશિશ કરે છે. આ પણ ખૂબસુરતીની નિશાની છે. ટુંકમાં હઝરત નબીએ કરીમ (સલ.) ના દાંત મુબારકમાં કંઈક જગ્યા હતી.

## હુઝૂર (સલ.) ની ચાંદી જેવી ગરદન

كأن عنقه ـــالخ ગરદનની ખુબસુરતીને સામાન્ય રીતે મૂર્તિની ગરદન સાથે સરખાવવામાં આવે છે, એટલા માટે કે તે ઉમદા બનાવવામાં આવે છે, આપની ગરદન મૂર્તિની ગરદન જેવી ખુબસુરત અને ઉમદા ચાંદી જેવી ચમકદાર અને સાફ હતી.

## હુઝૂર (સલ.) નું શરીર ગોશ્તથી ભરેલું હતું

بادن متماسك આપનું શરીર મુબારક ગોશતથી ભરેલું અને કસાયેલું હતું જેમકે કસરત કરનારનું શરીર કસરતને લીધે મજબૂત બની જાય છે, પકડવા પર નરમ ન હતું, એ કુવ્વતની નિશાની સમજવામાં આવે છે.

## હુઝૂર (સલ.) ની છાતી અને પેટ બરાબર

سواء البطن والصدر કેટલાક લોકોનું પેટ આગળ નીકળેલું હોય છે અને છાતી પાછળ અને કેટલાક લોકોની છાતી આગળ નીકળેલી હોય છે અને પેટ અંદર ઘુસેલું હોય છે. આપ (સલ.) નું પેટ અને છાતી બંને બરાબર હતા, તેમજ છાતી મુબારક પહોળી હતી, આ બહાદૂરી અને શકિતની નિશાની છે.

## હુઝૂર (સલ.) ના ખુલ્લા અવયવો ચમકદાર હતા

انوار المتجرد હઝરત નબીએ કરીમ (સલ.) ના શરીરનો તે ભાગ જે કપડાથી બહાર હોય છે, ચમકદાર હતો, સામાન્ય રીતે બહારના ભાગનો રંગ પવન અને વાતાવરણને લીધે અંદરના મુકાબલામાં થોડો કાળો પડી જાય છે, પરંતુ હુઝૂર (સલ.) ની સાથે એવું ન હતું અને જયારે બહારનો ભાગ ચમકદાર છે તો અંદરનો ભાગ તો વધારે ચમકદાર હશે.

## હુઝૂર (સલ.) ના પગના તળિયા

خمصان الاخمصين પગની નીચેના તળિયાનો તે ભાગ જે જમીનથી લાગતો નથી તેને અરબીમાં اخمص કહે છે, તે થોડા ઊંડા હતા.

## હુઝૂર (સલ.) ના કદમ મુબારક નરમ અને મુલાયમ

مسيح القدمين એટલે જેની ઉપર તેલવાળો હાથ ફેરવવામાં આવ્યો હોય,

એવા ભાગ પર પાણી રહેતું નથી, તેને ચીકણું કહે છે. આપ (સલ.) ના પગ મુબારક પણ એવા ચમકદાર હતા કે જાણે તેલવાળો હાથ ફેરવ્યો હોય.

## *હુઝૂર (સલ.) ની ચાલની કૈફિયત*

اذا زال زال تقلعًا કેટલાક લોકો ચાલતી વખતે પગોને ઘસડીને ચાલે છે, આપ (સલ.) પગોને ઉઠાવીને ચાલતા હતા આ વ્યકિતના મજબૂત, શકિતશાળી અને તંદુરસ્ત હોવાની નિશાની છે.

આપનો પગ જમીન પર નરમી સાથે પડતો હતો. ધપ ધપ અવાજ ન આવતી હતી, પહેલા આવી ગયું કે આપની ચાલ એવી લાગતી હતી કે જમીન લપેટાઈ રહી છે. હઝરાતે સહાબએ કિરામ (રદિ.) ફરમાવે છે કે અમે આપની ચાલને સાથ આપવા માટે પોતાને થકાવી દેતા હતા, જયારે કે હુઝૂર (સલ.) સામાન્ય ચાલથી ચાલી રહયા હતા.

## *હુઝૂર (સલ.) ની નજરની કૈફિયત*

خافضُ الطَّرف આપની નજર હંમેશા નીચે રહેતી હતી. મજલિસમાં પણ અને રસ્તામાં પણ. અલબત્ત જો કોઈ મામલામાં વહીની પ્રતિક્ષા રહેતી, તો હઝરત જિબ્રઈલ (અલ.) ના આવવાની પ્રતિક્ષામાં વારંવાર આસ્માન તરફ નજર ઉઠાવીને જોતા હતા.

કેટલાક લોકોની આદત હોય છે કે આંખો ફાડી ફાડીને જોતા હોય છે, આ આદત સારી નથી. આપ (સલ.) ની આદતે શરીફા એ હતી કે આંખના ખૂણાથી થોડું જોઈ લીધું, પછી નજર નીચે કરી લીધી.

## *સલામમાં પહેલ*

ويبدء من لقى بالسلام આપની કોશિશ એ રહેતી કે પહેલા આપ સલામ કરે.

અલ્લાહ તઆલા આપણને ઉપરોકત ખુબીઓને અપનાવવાની તોફીક નસીબ ફરમાવે. આમીન.

---

જંબુસરમાં સ્થાયી ડભોઈયા બિરાદરીના આગેવાન જનાબ મવ. ઐયૂબ સાહેબ ફલાહી સાહેબના વાલિદહ મોહતરમહ ગત દિવસોમાં અલ્લાહની રહમતે પહોંચી ગયાં. ઈન્નાલિલ્લાહ.. અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા કરે. નેકીઓ કુબૂલ ફરમાવીને સદકએ જારિયહનો સવાબ આપે. અને સગાઓને સબ્ર – હિમ્મત આપે. વાચકોને પણ દુઆએ મગફિરત અને ઈસાલે સવાબની દરખાસ્ત...

# નરમ વાત, સદવર્તન અને સદાચાર

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : લોકોને કુશ્તીમાં પછડાટ આપનાર સાચો બહાદુર નથી. ગુસ્સામાં પોતાના ઉપર કાબુમાં રાખનાર સાચો બહાદુર છે. (બુખારી શરીફ)

એકવાર એક માણસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં અરજ કરી કે કંઈક નસીહત કરો. તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : ગુસ્સો ન કરશો. એ માણસ ફરીવાર નસીહતની અરજ કરી તો ફરીવાર એ જ ફરમાવ્યું. આવું વારંવાર થયું અને દરેકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એક જ વાત કહેતા રહયા કે ગુસ્સો ન કરશો.

હઝરત અબૂ સઈદ ખુદરી રદિ. ફરમાવે છે કે એકવાર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે અસરની નમાઝ પછી સહાબા રદિ.ને નસીહત ફરમાવી. એમાં આ પણ ફરમાવ્યું કે માણસોનો સ્વભાવ અલગ અલગ હોય છે, એમાં જે માણસને ગુસ્સો મોડો આવે અને વહેલો જતો રહે એ સૌથી સારો માણસ છે.

આ હદીસો બતાવે છે કે માણસે એના વહેવારમાં ગુસ્સો કરવાથી પરહેઝ કરવો જોઈએ. ચાહે વ્યકિતગત બાબત હોય, કૌટુંબિક ઝઘડો હોય કે સામાજિક સમસ્યા હોય.

ગુસ્સાના બદલે માણસ નરમીથી કામ લે તો વધારે સારું પરિણામ મળી શકે છે અને ગુસ્સાના નુકસાનથી પણ બચી શકે છે. હદીસ શરીફમાં હઝ. આઈશહ રદિ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન વર્ણવે છે કે, અલ્લાહ તઆલા નરમી કરનાર છે. નરમી કરવાને પસંદ ફરમાવે છે. અને નરમી કરવા ઉપર એટલું બધું આપે છે કે કડકાઈ કે ગુસ્સો કરવા ઉપર એ બધું નથી આપતા. બીજી હદીસમાં છે કે જે વસ્તુમાં પણ નરમી હશે એ નરમીના કારણે સારી જ કહેવાશે. અને જે બાબતે નરમી નહીં હોય એ નરમી ન હોવાના કારણે ખરાબ કહેવાશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું નામ 'મુહમ્મદ' હતું. અરબી મુજબ એનો અર્થ વખાણપાત્ર વ્યકિત એમ થાય છે. મક્કાના શત્રુઓ અદાવતમાં આપને 'મુઝમ્મમ' કહેતા હતા, એનો અર્થ થાય છે બુરાઈ અને ટીકાને પાત્ર માણસ. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ

એમની આ હરકત ઉપર કદી ગુસ્સો કરતા ન હતા. ચીડાતા ન હતા. અને જવાબમાં કદી પણ સામેવાળાને બુરા શબ્દોમાં બોલાવતા ન હતા. બલકે એમના આમ કરવાથી સહાબા રદિ.ને ગુસ્સો આવતો તો એમને શાંત કરતા હતા અને ફરમાવતા કે, અલ્લાહ તઆલાએ એમને આવું શીખવાડીને એમની ગાળોને મારાથી દૂર કરી દીધી છે. તેઓ હવે મુઝમ્મમને ગાળો આપે છે, અને હું તો મુહમ્મદ છું.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આદત હતી કે ગમે તેવી કડવી – ખરાબ ભાષામાં કહેવાયેલ વાતનો જવાબ પણ નરમી અને સરળ શબ્દોમાં આપતા હતા. મદીનામાં રહેતા હતા એ દિવસોમાં યહુદીઓ પણ અુમક એવા શબ્દો વાપરતા હતા જે ઉચ્ચારમાં તો એમ લાગે કે સારા અર્થમાં બોલવામાં આવ્યા છે, પણ વાસ્તવમાં તેઓ બગાડીને ખોટા અર્થમાં બોલતા હતા. એટલે તેઓ જયારે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મજલિસમાં આવતા તો 'અસ્સલામુ અલયકુમ' (તમને અલ્લાહ સલામત રાખે)ના બદલે થોડું બગાડીને 'અસ્સામુ અલયકુમ' બોલતા હતા. જેનો અર્થ હતો કે તમારા ઉપર મોત આવે. એકવાર યહૂદીઓ મળવા આવ્યા અને આવી જ હરકત કરી. એમના આવા શબ્દો સાંભળ્યા તો હઝરત આઈશહ રદિ.થી રહેવાયું નહીં, એટલે જોરથી બોલ્યાં કે, તમારા ઉપર મોત આવે અને લઅનત પણ. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ સાંભળ્યું તો ફરમાવ્યું : આઈશહ ! તમે શા માટે તમારી ઝબાન ખરાખ કરો છો. અલ્લાહ તઆલાને નરમી કરવાને પસંદ કરે છે.

કુરઆન શરીફમાં હઝરત મુસા અલૈ. વિશે અનેક આયતોમાં ઘણા વિસ્તાર પૂર્વક વર્ણન છે. ફિરઓન અને એના દરબારીઓ – સરદારોને દીનની દાવત આપવાના અનેક કિસ્સાઓ અને ઘટનાઓ પણ અલ્લાહ તઆલાએ વર્ણવી છે. ફિરઓન ઘણો ઝાલિમ, અત્યાચારી, ક્રોધ અને બદલાના સ્વભાવ વાળો માણસ હતો. આમ છતાં જયારે એની પાસે જવાનો અલ્લાહ તઆલાએ હઝરત મુસા અલૈ. અને એમના ભાઈ હારૂન અલૈ.ને હુકમ આપ્યો તો ફરમાવ્યુ : એની સાથે નરમીથી વાત કરજો. શકય છે કે એ નસીહત સ્વીકારે અથવા અલ્લાહનો ખોફ કરે.

# હઝ. મવ. અ. અલીમ ફારૂકી રહ.ની વફાત

૨૪/એપ્રીલ/૨૦૨૪ બુધવારના રોજ સવારનો ઉગત સુરજ લોકોના જીવનને ઉજજવળ અને ઝળહળાત ભરી રહયો હતો,ત્યાં જ એક ઈલ્મી સુરજના આથમવાના દુ:ખદ સમાચાર વિજળી વેગા ફેલાઈ ગયા, એટલે કે વિશ્ર પ્રખ્યાત આલિમે દીન દારૂલ ઉલૂમ દેવબંદ તેમજ નદવતુલ ઉલમા લખનઉની મજલિસે શુરાના એક સભ્ય અને સ્તંભ, જમીયતે ઉલમાએ હિંન્દના નાઈબ પ્રમુખ, મદરસા દારૂલ મુબલ્લિગીનના મોહતમીમ હઝરત મવલાના અબ્દુલ અલીમ ફારૂકી સાહબ રહ.ની ૭૬ વર્ષની વયે વફાત પામ્યા. હઝરત મવલાના અબ્દુલ અલીમ રહ. હઝરત મવલાના અબ્દુશકુર ફારૂકી રહ.(જેઓએ ભારતમાંથી કુફ્ર–શિર્ક અને શિઈય્યત ખતમ કરવામાં લેખિત તેમજ બયાન વિગેરેથી ઘણું મોટુ યોગદાન આપ્યું છે.)ના પૌત્ર હતા.

આપ રહ.એ શરૂઆતની તાલિમ ઘરે પ્રાપ્ત કરી સન ૧૯૬૬ ઈસ્વીમાં મઝાહિરે ઉલૂમ સહારનપૂરમાં પઢવા માટે તશરીફ લઈ ગયા હતા. જયાં આપને વિશેષરૂપે હઝરત મવલાના અસ્અદુલ્લાહ રામપૂરી અને હઝરત મવલાના શૈખ ઝકરિય્યહ રહ.ના તાબા હેથળ ઈલ્મ પ્રાપ્ત કરવાની તક મળી. આપ રહ.ને લાંબા સમય સુધી હઝરત શૈખ ઝકરિય્યહની સહવાસ અને સુહબતમાં રહી આપની સેવા કરવાનો પણ મોકો મળ્યો હતો. આપ રહ.નો હઝરત શૈખ ઝકરિય્યહ સાથે સંબંધ છેવટ સુધી ગાઢ રહયો. જયાં સુધી હઝરત શૈખ(રહ.)હયાત હતા, આપ રહ.રમઝાનમાં ત્યાં જ એ'અતેકાફ ફરમાવતા. હઝરત શૈખની વફાત બાદ આપના સુપુત્ર હઝરત શૈખ તલ્હા રહ.ની ખાનકાહમાં પણ હંમેશા એ'અતેકાફ ફરમાવતા રહયા. હઝરત શૈખ તલ્હાની ખાનકાહમાં આપ રહ.ઈસ્લાહી બયાન પણ ફરમાવતા હતા.

હઝરત મવલાના અ.અલીમ રહ.એ ૧૯૬૯ઈસ્વીમાં દારૂલ ઉલૂમ દેવબંદથી ફરાગત અને સનદ પ્રાપ્ત કર્યા પછી લખનઉમાં આપના દાદા હઝરત મવલાના અ.શકૂર ફારૂકી રહ.એ બનાવેલ મદરસા 'દારૂલ મુબલ્લિગીન''માં પઢાવવાની ખિદમતો પણ બજાવી અને ત્યાંના મોહતમીમ પણ બનાવવામાં આવ્યા. છેવટ સુધી મદરસા ''દારૂલ મુબલ્લિગીન''લખનઉના મોહતમીમ રહયા. તે સિવાય આપ વિવિધ દીની તેમજ મિલ્લી અને કૌમી ખિદમતોમાં છેવટ સુધી પરોવાયલા રહયા.

આપ રહ.સંપુર્ણ જીવન જમીયતે ઉલમાએ હિંન્દના પ્લેટફાર્મથી નિખાલસતા સાથે વિવિધ સમાજ સેવાઓમાં વ્યસ્ત રહયા. આપને જમીયતે ઉલમાએ હિંન્દ

દ્વારા અલગ–અલગ પદ પણ આપવામાં આવ્યા હતાં, ફિદાએ મિલ્લત હઝરત મવલાના સય્યદ અસ્અદ મદની રહ.ની સદારત(પ્રમુખ–અધ્યક્ષ)ના કાળમાં આપ રહ.ને સન ૧૯૯૫ થી સન ૨૦૦૨ સુધી જમીયતે ઉલમાએ હિંન્દના નાઝિમ (વ્યવસ્થાપક)બનાવવામાં આવ્યા હતાં. ત્યાર બાદ હઝરત મવલાના અરશદ મદની દાબ.ની સદારત(પ્રમુખ–અધ્યક્ષ)ના કાળમાં પણ સન ૨૦૦૮ થી સન ૨૦૨૦ સુધી આપને ફરી વાર જમીયતના નાઝિમ (વ્યવસ્થાપક) બનાવવામાં આવ્યા હતા અને સન ૨૦૨૦માં આપને જમીયતે ઉલમાએ હિંન્દના નાઈબ પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા હતા. છેલ્લા શ્વાસ સુધી આપ જમીયતના નાઈબ પ્રમુખ રહયા અને કૌમો–મિલ્લતની પ્રગતી અને ઉન્નતી માટે મહેનત અને ખિદમતો આપતા રહયા.

આપ રહ.એ મદરસા દારૂલ મુબલ્લિગીન દ્વારા લોકોના સમક્ષ ઈસ્લામના સત્ય ધર્મ હોવાની સમજ અને ઈસ્લામની સાચી છબી પેશ કરવાની પણ બેમિસાલ ખિદમતો આપી,આપના દાદા ''મજલિસે તહફ્ફુજે નામૂસે સહાબા''નામી એક તહરીક(આંદોલન)શરૂ કર્યું હતું,જેના દ્રારા સહાબાએ કિરામ વિશે ફેલાવવામાં આવતી ખોટી અને બે બુનિયાદ વાતોને રદ અને ખંડન કરી સહાબાએ કિરામના ઉચ્ચ દરજજાઓ અને તેમની દીન માટેની કુરબાનીઓ વિગેરે લોકોના સમક્ષ રજૂ કરવામાં આવે છે,આપ રહ.એ આ તહરીકને પણ આગળ ધપાવવા મહેનતો કરી,આપ રહ. દેશના વિવિધ સ્થળોએ મોટો જલસો કરી સહાબાએ કિરામના ફજાઈલ અને ખિદમતો પર બેહતરીન તકરીર ફરમાવતા હતા. આપ રહ.એક બેહતરીક વકતા હતાં,આપના બયાનો પણ લોકો ઘણાં જ ધ્યાનથી સાંભળતા અને આપના બયાનો લોકોનું જીવન બદલવામાં ઘણાં મદદરૂપ થતા હતા.

આપ રહ.ની જનાઝાની નમાઝ નદવતુલ ઉલમા લખનઉમાં અદા કરવામાં આવી,આપની દફનવિધીમાં  આપની લોક પ્રિયતાના લઈ અવામના એક મોટા મજમઅ સાથે ઉલમાએ કિરામ(હઝરત મવલાના સજજાદ નોમાની, હઝરત મવલાના અરશદ મદની,હઝરત મવલાના અબુલકાસીમ નોમાની વિગેરે)અને વિવિધ પોલિટીકલ પાર્ટીઓના નેતાઓ પણ ઉપસ્થિત રહયા હતા.

અલ્લાહ તઆલા હઝરત મવલાના અબ્દુલ અલીમ ફારૂકી રહ.ની મગફિરત ફરમાવે,આપની દરેક પ્રકારની દીની,મિલ્લી અને કોમી ખિદમતો કબૂલ ફરમાવે અને તેનો બેહતરીન બદલો આપે,આપની વફાતથી વિવિધ દીની કાર્યોમાં જે ખોટ થઈ છે અલ્લાહ તઆલા આપ જેવા બીજા ઉલમા પૈદા કરી પુર્ણ કરે.આમીન. ●

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફતી અસ્જદ દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફતી અહમદ દેવલા
સદર મુફતી જામિઅહ જંબુસર

## વકફની જમીન બદલવા કે હેતુફેર કરવાનો હુકમ

સવાલઃ—હઝરત મુફતી સાહબ (દા.બ.)

અસ્સલામુ અલયકુમ વ.વ. બાદ સલામ નીચે આપેલ ચંદ મસાઈલના જવાબ આપી શુક્રિયાનો મોકો ઈનાયત ફરમાવશો.

વાકિફ એટલે કે વકફ કરનાર માણસે મદરસાના હેતુઓ (ઝરૂરતો) પૂરી કરવા માટે ઝમીન વકફ કરેલ છે.

સવાલ નં. ૧ઃ વકફ કરનાર નિય્યત બદલી શકે કે નહી ?

સવાલ નં. ૨ઃ વાકિફના ઈન્તિકાલ પછી ટ્રસ્ટ ફેર બદલ કરી શકે કે નહી ?

સવાલ નં. ૩ઃ વકફ કરેલ મિલ્કતમાં, ગરીબોના મકાન, મસ્જીદ બનાવી અથવા અન્ય ટ્રસ્ટને આપી શકાય કે નહી.

સવાલ નં. ૪ઃ વકફ મિલ્કતને વહેંચી એમની રકમ ટ્રસ્ટમાં જમા કરી શકાય કે નહી ?

સવાલ નં. ૫ઃ વકફની મિલ્કતમાં મકાનો, સ્કૂલ યા હોસ્પિટલ બનાવી ટ્રસ્ટની ઈન્કમ કરી શકીયે કે નહી ?

જવાબઃ—حامدًا و مصليا ومسلم

(૧) ઈસ્લામી નિયમ મુજબ વકફના સંપૂર્ણ થયા પછી, વકફ જમીન વિગેરેને પરત લેવુ જાઈઝ નથી, કે વકફ કર્યા બાદ વકફ કરેલ જમીન, મિલકત હમેંશા માટે શરઈ દ્રષ્ટિએ વકફ શુમાર થાય છે. એવી જ રીતે વકફ કરતી વેળાએ વાકિફે વકફમાં પોતાના અથવા અન્ય કોઈ માટે ફેરફારની શર્ત ન કરી હોય, તો આવી સ્થિતિમાં

વકફમાં ફેરફાર કરવો જાઈઝ નથી.

(૨) વાકિફે વકફ કરતી વેળાએ વકફમાં ફેરફારનો અધિકાર ટ્રસ્ટ માટે ન રાખ્યો હોય, તો વાકિફના ઈન્તિકાલ બાદ ટ્રસ્ટ માટે વકફમાં ફેર બદલ કરવુ જાઈઝ નથી.

(૩) વકફ જે હેતુઓને (મકાસિદ) પુરા કરવા માટે વકફ કરવામાં આવ્યો હોય, વકફ રૂપી જમીનને તે હેતુઓમાં ઉપયોગ કરવુ જરૂરી છે, જયારે કે મદ્રસા લક્ષી હેતુઓ માટે સદર જમીન વકફ કરવામાં આવી હતી, તો તેને મદ્રસા લક્ષી હેતુઓમાં ઉપયોગ કરવી જરૂરી છે, મદ્રસા લક્ષી હેતુઓથી હટીને જમીનને કામમાં લેવી જાઈઝ નથી, માટે મદ્રસા માટેની મસ્જિદ તો મઝકૂર જમીનમાં બનાવવી દુરૂસ્ત છે, ગરીબોના મકાનોની તા'મીરમાં મઝકૂર જમીનનો ઉપયોગ દુરૂસ્ત નથી, જે ટ્રસ્ટને આપવામાં આવી છે, તે જયારે કે મદ્રસો ચલાવી રહયા, તે પોતે જ મદ્રસા માટે મઝકૂર જમીનને ઉપયોગમાં લે, અન્ય ટ્રસ્ટને આવી સ્થિતિમાં આપવામાં ન આવે.

(૪) વકફ રૂપી મિલકતનું વેચાણ કરવુ દુરૂસ્ત નથી, હદીસ શરીફમાં વકફના વેચાણ બાબત મનાઈ ફરમાવવામાં આવી છે.

(૫) મદ્રસા માટે આવકની જરૂરત હોય, તો મદ્રસો પોતે મકાનો, સ્કૂલ અથવા હોસ્પિટલ માટે ઈમારત તામીર કરે અને પછી, શરીઅતના ધારા–ધોરણ મુજબ ભાડે આપવાની ગુંજાઈશ છે, અલબત્ત અસલ તો એ જ છે કે વાકિફની વકફથી જે નિય્યત હતી, તેને નજર સમક્ષ રાખી, કોઈ પગલુ ભરવામાં આવે. (મ.ફતાવા, ઉર્દૂ: ૬/૪૯૫, ઉપરથી નયે મસાઈલ ઓર ઉલમાએ હિન્દ કે ફેસલેઃ ૫૨ ઉપરથી)

ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

તા.૧૭/સફર/૧૪૩૯ હિજરી

---

*બોધકથા ..*

એકવાર સસલા અને કાચબા વચ્ચે હરિફાઈ થઈ. કાચબો એટલું તો જાણતો હતો કે સસલાની ઝડપ મારા કરતાં વધારે છે, જંગલ આખું એણે ખુંદેલું છે, પણ કાચબાને એમ હતું કે હવે તો હું પણ ઘણો સમજદાર અને હરતો ફરતો થઈ ગયો છું અને હરિફાઈ કરી શકું છું. મંઝિલ નક્કી થઈ અને દોડ શરૂ થઈ. સસલો તો ઠેકડા મારીને હવાની ઝડપે એવું દોડયો કે નજરમાં પણ કેદ ન થયો. કાચબો આ બધાથી બેફિકર થઈને પોતાને મન ઝડપથી દોડવા માંડયો. ઘણું બધું દોડીને એ રોકાયો. આમ તેમ જોયું તો સસલો તો કયાંય દેખાતો ન હતો, એટલે એને થયું કે હું ઘણો આગળ છું, લાવ થોડી વાર આરામ કરી લઉં. એક ઝાડના છાંયડામાં આરામ કરવા રોકાયો અને વિચારતો વિચારતો પોતાના સુવર્ણ ભુતકાળમાં સરી ગયો જયારે કાચબાઓનું રાજ હતું અને ચારે તરફ પ્રગતિ અને સુખનું સામ્રાજય હતું. આમ વિચારતાં એને ઊંઘ આવી ગઈ અને સપનામાં પોતાને જ જુએ છે કે એ રાજા બની ગયો છે. સિહાંસને બિરાજયો છે. માથે હીરા જડિત તાજ છે. હાથી, વાઘ, સસલા અને શિયાળો, રીંછ અને વરૂ.. બધા કાચબા રાજા સામે હાથ જોડીને ઉભા છે.

ઘણીવારે આંખ ખુલી અને પાછું ચાલવાનું શરૂ કર્યું. આખરે એ મંઝિલે પહોંચ્યો. અહિંયા જાયું કે કોઈ દેખાતું નથી. પોતે જ એકલો છે, એટલે જીતી ગયો એમ સમજીને નાચવા લાગ્યો. એટલામાં એક નાનકડું સસલું ત્યાં દેખાયું. કાચબાએ એને પૂછયું કે પેલો સસલો આવ્યો કે નહીં ? મારી એના સાથે હરિફાઈ હતી. પણ એ દેખાતો નથી ? બચ્ચાએ કહયું કે ઓહ ! હવે ઓળખાણ પડી. હું તમને જ શોધી રહયો હતો. મારા પિતા તો પાંચ જ મિનિટમાં અહિંયા પહોંચી ગયા હતા. પછી કેટલાયે દિવસ સુધી તમારી રાહ જોઈને ગુઝરી ગયા. પણ મને કહેતા ગયા છે કે કાચબો આવે તો એના કાન કરડી ખાજે. સસલાએ આ સાંભળીને પોતાના કાન અને માથું અંદર કરી લીધું.

એમ તો આ એક વાર્તા જ છે. પણ એમાં સમાજ, કોમ અને માણસ માટે બોધ છે. જીંદગીની દોડમાં માલથી, શિક્ષણથી, સત્તાથી, અને વિકાસ કે પ્રગતિથી પાછળ રહી ગયેલી કોમો – લોકો ભુતકાળમાં ખોવાયેલા રહે છે. એ જ ગુમાનમાં રહીને પાછા વિકસિત સમાજ અને દેશ સાથે હરિફાઈ કરવાની ડંફાસ મારે છે. બે ચાર સ્કૂલ, હાઈસ્કૂલ, હોસ્પિટલ, મદરેસા કે નાની માટી સેવાભાવી સંસ્થાઓ બનાવીને સમજે છે કે હવે અમે મુકાબલામાં આવી ગયા છે, રેસ લગાવી શકીએ છે. જે કંઈ કર્યું એને ઘણું વધારે સમજીને ઉજવણીમાં લાગી જાય છે, પ્રગતિ અટકી જાય છે. સંસ્થાઓ પડી ભાંગે છે, અને ૨૫ – ૫૦ વરસ પછી હતા ત્યાં ને ત્યાં. ધીરે ચાલો કે તેજ, હરિફાઈ ચાલુ રહેવી જોઈએ. ભૂતકાળમાં રાચવાનું બંધ કરવું જોઈએ. અને સફળતા મળે એ પહેલાં ઉજવણીના સપના પણ ન જોવા જોઈએ.

# Golden Advises For Satisfied Life

(1) Give thanks to Allah in every situation.

(2) Try not to complain about you to any other person in entire life. It is very far from the Lord.

(3) Never compete with family members. Accept the loss, but don't fight it. The result will come later.

(4) Do not say anywhere that I am a scholar. Make concessions with me. This is an inappropriate practice. Try to be a giver.

(5) The best table is the table of the house. Whatever is your destiny, eat like kings.

(6) Do not hope in anyone but Allah.

(7) Increase one's labor in every succeeding day.

(8) It is appropriate to stay away from the gatherings of the rich and arrogant.

(9) Give charity in the morning and recite Istighfar in the evening.

(10) Create sweetness in your conversation.

(11) Do not talk to a small child in a loud voice.

(12) Respect the place from which you are getting sustenance with your heart and soul.

(13) Try to sit in the company of successful people in life. One day or the other, you will definitely become a part of this group.

(14) Respect the artist of every field, should treat them politely, irrespective of the field.

(15) The more you deal with morals with parents, teachers and relatives, the more you will be blessed in your livelihood and life.

(16) Be moderate in everything.

(17) Connecting with common people will also teach you a lot.

(18) Do not complain of one person to another, our beloved Prophet (peace and blessings of Allah be upon him) did not like a complainer.

(19) Presenting everything in a positive manner will solve many problems.

(20) Keep the tongue silent in the assembly of elders.

Recite this dua regularly in difficult times, God willing, it will be of great benefit: "Our Lord, give us your mercy and give us wisdom from our command."

..............................

પાછલા દિવસોમાં ડાભેલના જગવિખ્યાત મદરેસા જામિઅહ ઈસ્લામિયહ ખાતે સેવા બજાવતા, મુળ ભડકોદરાના વતની, ઘણા જૂના અને બુઝુર્ગ વડીલ, જનાબ હઝ. મવ. મૂસા સાહેબ રહ. ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ લગભગ પચાસેક વરસથી ત્યાં ખિદમત અંજામ આપતા હતા. વિશેષ કરીને જામિઅહના કુતુબખાના વિભાગ, પરીક્ષા, પરિણામ, ઈનામ વ્યવસ્થા અને આ બાબતોને લગતા રેકોર્ડ વિભાગના ઝિમ્મેદાર હતા. હવે પછીના કોઈ અંકમાં ઈન્શાઅલ્લાહ એમના જીવન અને સેવાઓ વિશે વિગતવાર લેખ રજૂ કરીશું.

### *દુઆ પાછી આવે છે.*

દુનિયામાં બધું જ ચાલ્યું જાય છે. કંઈ પાછું આવતું નથી. ફકત દુઆ એવી વસ્તુ છે જે ઉમ્મીદ લઈને જાય છે અને ઈનામ લઈને પાછી આવે છે.

### *માલદારી*

પ્રસિદ્ધ બોકસર નવ મુસ્લિમ મુહમ્મદ અલી કલે કહે છે કે મેં ખુદા પાસે માલદાર થવાની દુઆ કરી હતી, તો અલ્લાહ તઆલાએ મને ઈસ્લામની દોલત અતા ફરમાવી.

### *એક આંસુ*

અલ્લાહ તઆલાએ સાત સમંદર પેદા કર્યા છે, પણ એને મોમિન બંદાનું એક આંસુ સાતેવ સમંદરો કરતાં વધારે પસંદ છે.

### *એક ચિરાગ*

આખી જિંદગી અંધારાને ગાળો આપવા કરતાં એક નાનકડો ચિરાગ રોશન કરવો વધારે બેહતર છે.

### *અનુભવ*

સોનું આગમાં તપીને ચમકે છે અને માણસ અનુભવમાં ઘડાયને ઉપર આવે છે.

### *વરસાદની જેમ બનો.*

માણસે વરસાદની જેમ બનવું જોઈએ. આવે ત્યારે લોકો વધામણા કરે છે, પડે તો લોકોને લાભ થાય છે અને જાય ત્યારે પોતાની સારી અસર ધરતી ઉપર છોડી જાય છે.

### *આળસ છોડો*

માણસે પહેલી અને છેલ્લી છોડવાની વસ્તુ એક જ છે. આળસ છોડે, બહાના બનાવવાનું છોડે અને યોગ્ય સમય આવવાની રાહ ન જુએ.

### *કોણ ડૂબે છે ?*

માણસ પાણીમાં પડવાની ડૂબતો નથી, પણ એમાં પડી રહેવાથી ડૂબી જાય છે. આવું જ કંઈ માલનું છે.

### *દિલ અને દિમાગ*

માણસનું હોશિયાર દિમાગ માણસ માટે હસદખોરો પેદા કરે છે, પણ હોશિયાર અને દયાળુ દિલ માણસ માટે હમદર્દો પેદા કરે છે.

### *કમનસીબી*

કમનસીબી આ છે કે આપણે દુશ્મનો પ્રત્યે નરમ અને દોસ્તો પ્રત્યે કડક વલણ અપનાવીએ છીએ.

### *અકલમંદ અને બેવકૂફ*

હઝ. અલી રદિ. ફરમાવે છે કે બુદ્ધિશાળી માણસની ઝબાન એના દિલને તાબે હોય છે અને બેવકૂફ માણસનું દિલ એની ઝબાનના તાબે હોય છે.

### *બુદ્ધિ અને બાવડું*

માણસની બુદ્ધિ બાવડા જેવી હોય છે. જેટલી વધારે કસરત એટલી વધારે મજબૂત.